શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૧૯

મુંબઈ: ૧ ફેબ્રુઆરી ૧૯૪૮ રવિવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?

['આધુનિક સમયને અનુલક્ષીને જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય' એ વિષય ઉપર શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી 'ડાહ્યાભાઇ ખાલાભાઇ કોરા નિબંધમાળા' એ મથાળા નીચે એક હરીફાઇ યોજવામાં આવી હતી. તેમાં સૌથી શ્રેષ્ઠ નિબંધ માટેનું રૂ. ૨૫૦ નું પહેલું પારિતોષિક શ્રી. પદ્મનાભ જૈન આપવામાં આવ્યું હતું અને બીજું રૂ. ૧૫૦ નું પારિતોષિક શ્રી. રતિલાલ મફાભાઇ શાહને આપવામાં આવ્યું હતું. શ્રી. પદ્મનાભ જૈનનો લેખ હિંદી ભાષામાં હતો તેનો શ્રી. વેણીબહેન કાપડીઆએ કરી આપેલો અનુવાદ પ્રબુદ્ધ જૈનમાં ક્રમશ: પ્રગટ કરવામાં આવશે. આ તે અનુવાદનો પહેલો હપ્તો છે. તંત્રી]

(૧)

હિન્દુસ્તાન આઝાદ થયું. દિન્દભરમાં સ્વાતંત્ર્યદિન પૂર્ણ ઉત્સાહથી ઉજવાયો. ગુલામીની બેડી તોડીને નવભારતે વિશ્વમાં મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું. આપણા ત્યાગમૂર્તિસમા નેતાઓએ અનંત પરિશ્રમ કર્યો, ભારતની પ્રજાએ બલિદાનો આપ્યાં, તેના ફલસ્વરૂપ આપણે આઝાદીનાં દર્શન કર્યાં. એ ત્યાગમૂર્તિઓને આપણે હાર્દિક પ્રણામ કરીએ છીએ પરંતુ આ આનંદ અનુભવવા સાથે સ્વાતંત્ર્યદિનને દિવસે આપણા નેતાઓએ જે સંદેશ આપ્યો છે તે ભૂલાતો નથી. મહાત્મા ગાંધીજીએ આ દિવસને આત્મનિરીક્ષણ અને ચિન્તનયોગ્ય બનાવવાનો આદેશ આપ્યો હતો. આ વાત કદાચિત્ ઉત્સવપ્રિય માનવસમાજ ભૂલી ગયો હોય. છતાં આનંદ ઉત્સવ એકાદ દિવસ હોય છે, જ્યારે અખંડ જીવનયાત્રામાં તો પ્રત્યેક ક્ષણ મનનીય અને ચિન્તનીય હોય છે. એ મહાન આદેશને અનુલક્ષીને જ્યારે આપણે આત્મનિરીક્ષણ કરીએ છીએ, અંતર્મુખ થઇને સંયત દૃષ્ટિથી આપણી વર્તમાન પરિસ્થિતિ પર વિચાર કરીએ છીએ, ત્યારે આપણને પ્રતીતી થાય છે કે, ભારત આજે રાજકીય દૃષ્ટિથી સ્વતંત્ર થયું છે, છતાં અન્ય દૃષ્ટિકોણથી વિચારતાં તે હજી પણ પરતંત્ર, અનુન્નત અને અપૂર્ણ છે.

જ્યારે આત્મચિન્તન વિશાળ દૃષ્ટિથી સમાજ સુધી પહોંચે છે ત્યારે અનુભવ થાય છે કે અમારો જૈન સમાજ હજી સ્વતંત્ર નથી–પ્રગતિને પંથે તેણે પગલું ભર્યું નથી. સામાન્ય ભેદ પ્રભેદોથી તેનો આત્મા ઉન્મુક્ત થયો નથી. આપણા પ્રાચીન ઇતિહાસમાંથી તેણે ખરો બોધ પ્રાપ્ત કર્યો નથી. અનેક દોષો અને રૂઢિઓની શ્રૃંખલાથી તે હજી જકડાયેલો જ છે. તે મધ્યરાત્રિ પછી જ્યારે ભારતે નવીન ઉષાનું સ્વાગત કર્યું, નવઉન્માદનો અનુભવ કર્યો ત્યારે જ અમારા સામાજિક જીવનનું ભાગ્ય બદલાયું હોત અને ઉજ્જવળ ભવિષ્યમાં પ્રવેશ કર્યો હોત તો તે કેટલું સુંદર હોત? એ દિવસે આપણે એ પણ અનુભવ કર્યો છે કે હિન્દની સ્વતંત્રતા તો ત્યારે જ સિદ્ધ થઇ કહેવાશે કે જ્યારે પ્રત્યેક વ્યક્તિ અને સમાજ પોતાની જાતને પૂર્ણપણે સુધારશે અને તત્વદર્શી મહાત્માઓના સંદેશને, જીવનમાં નવા ઉત્સાહને, નવા મૂલ્યને તેમજ નવા દર્શનને પ્રાપ્ત કરશે.

જૈન સમાજને વિનંતિ કરવાની કે ફરીથી એક વખત તે આત્મનિરીક્ષણ કરે અને સ્વતંત્ર ભારતમાં પોતાનું સ્થાન નિર્ણિત કરી લે. સ્વતંત્ર ભારતમાં જૈનોનું સ્થાન ક્યાં હશે? એ વિચાર પ્રથમ સ્ફૂરે છે. ભવિષ્ય જાણવાની માણસની ઇચ્છા એ એક જુદી જ વસ્તુ છે. આપણે આપણી આજુ બાજુ નજર કરીએ છીએ, મિત્રો અને વિરોધીઓ તરફ દૃષ્ટિપાત કરીએ છીએ એટલું જ નહિ પણ ભૂતકાલમાં કોણ કોણ થઇ ગયા તેનો ઇતિહાસ જાણવાની આપણે કોશિષ કરીએ છીએ. ભારતના આત્મામાં અલગ અલગ સંસ્કાર છે; તેના જીવન ઉપર ભિન્ન ભિન્ન વિચાર–પ્રવાહોનો પ્રભાવ પડેલો છે. હિન્દુ, મુસ્લિમ, પારસી, ખ્રીસ્તી, શીખ, જૈન, હરિજન એવા એક નહિ પણ અનેક સમાજનો ભારતના ભાગ્ય ઘડવામાં ફાળો છે. ગતિશીલ સમાજ આગળ વધતો ગયો, અને જેનો પ્રભાવ અધિક તેણે સમાજમાં પ્રધાનતા પ્રાપ્ત કરી. બુદ્ધિજીવી સમાજે ભારતનું વિચારમય જીવન હાથમાં લીધું, અર્થપ્રધાન સમાજે આર્થિક જીવન સંભાળ્યું, સેવાપ્રધાન વ્યક્તિઓએ સમાજને સુસંસ્કૃત કર્યો, રૂઢિચુસ્ત સમાજે તેનો વિકાસ રૂંધ્યો અને સમાજની અધોગતિ કરી. પોતાના કાર્યક્ષેત્રોમાં પ્રત્યેક સમાજે પુરૂષાર્થ કર્યો અને કીર્તિ મેળવી. આ પ્રસંગે પ્રશ્ન ઉઠે છે કે જૈનસમાજે આ મહાન યજ્ઞમાં શું અર્પણ કર્યું? આ મહાન યુદ્ધમાં શું ફાળો આપ્યો? રાજકીય, આર્થિક અને સામાજિક જીવનમાં કઇ જાતની પ્રગતિ કરી? કેવો રસ લીધો? ભારતીય સંસ્કૃતિની ઉન્નતિ કરવામાં મૌલિક સહાય કરી ખરી? આ પ્રશ્નોનો ઉત્તર સરલતાથી આપી શકાય છે? વ્યક્તિ તરીકે ભારતની સ્વતંત્રતા હાંસલ કરવામાં ભારતનું નસીબ ઘડવામાં ઘણાએ ફાળો આપ્યો હશે, પરંતુ આપણા જૈન સમાજની કક્ષામાં તો તે અલ્પ જ ગણાય. આપણે શું કર્યું? અહિંસાનો પ્રચાર, સાહિત્ય સર્જન, આર્થિક વ્યવસ્થા, નીતિમયતા વગેરેમાં આપણા સમાજે કેટલો રસ લીધો? જો ઉપરના પ્રશ્નોનો સમાધાનકારી ઉત્તર ન મળે તો આન્તરનિરીક્ષણ કરીને આપણે શોધવું જોઇએ કે આપણા સમાજને ઉન્નત કરવામાં આપણે કેમ કટિબદ્ધ ન થયા?

ઉત્તર સ્પષ્ટ છે. જૈન સમાજ ગતિશીલ નથી, તેમાં એકતા નથી. સુસંસ્કૃત ન રહી. હવે જ્યારે પ્રગતિશીલ નથી તો તેનું કારણ શું? આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે ભૂતકાલનો ઇતિહાસ તપાસવો પડશે. તેના મૂલ સ્રોત સુધી પહોંચવું પડશે.

ભૂતકાલમાં જૈન સમાજે ક્રાન્તિ કરી છે, પરાક્રમો કર્યાં છે, જ્ઞાનજ્યોતિ જગાવી છે, મનુષ્યત્વને ઉંચે ઉઠાવી, પ્રેમપૂર્વક દલિતવર્ગને અપનાવ્યો છે, મહાપુરૂષોને નિર્માણ કર્યા છે. જૈન સમાજનો ભૂતકાલ આવો ઉજ્જવલ છે તો આજનો આપણો સમાજ એવો કેમ ટકી ન રહ્યો? એવો કયો સમય આવી ગયો, કઇ સંક્રામક પરિસ્થિતિ આવી કે જેણે આપણા ગતિશીલ સમાજને સ્થિતિશીલ બનાવ્યો, ઉત્સાહીને શિથિલ બનાવ્યા, બુદ્ધિવાદીને મૂઢ બનાવ્યા, ઉન્નતને અવનત બનાવ્યા? અને આજનો

પવન, આજની પરિસ્થિતિ, આજનું જીવન આપણી સામે કેવા આકારમાં ઉપસ્થિત છે અને હવે પછીના આગામી કાળમાં શું કરવું જરૂરી છે તેનો પણ આપણે વિચાર કરવો પડશે. ભૂતકાળનું સિંહાવલોકન અને વર્તમાન પરિસ્થિતિનું અવલોકન કરીને આપણે આપણા સમાજનું ઉજ્જવળ ભવિષ્ય નિર્માણ કરવાનું છે, જિનેન્દ્રનું તીર્થ સર્વવ્યાપી બનાવવાનું છે. આપણે વિચારવું પડશે, સમન્વય કરવો પડશે, અને સત્ય અર્થમાં "વાત્સલ્ય" ને અપનાવી નવેસરથી નવસર્જન કરવું પડશે. ચાલો! હવે આપણે સિંહાવલોકન કરીએ!

( ૨ )

ભારતનો પ્રાચીન ઇતિહાસ સાક્ષી પુરે છે કે જૈન સમાજ હંમેશા ક્રાન્તિકારી રહ્યો છે. એ ક્રાન્તિ સામાજિક, દાર્શનિક અને સાંસ્કૃતિક પણ હતી. ઇતિહાસનો આધાર લઇને આપણે કોઇ ઐતિહાસિક સત્ય સિદ્ધ કરવાનું નથી; પરંતુ વર્તમાનકાળમાં જે વાતો નિશ્ચિત થઇ ચુકી છે તેનો જ આધાર લઇ માત્ર સિંહાવલોકન કરવાનું છે.

સામાન્ય રીતે આર્યાવર્તનો ઇતિહાસ વેદકાલથી શરૂ થાય છે. આજથી લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં આપણા દેશમાં આર્યો આવીને વસ્યા. તે લોકો ભાષામાં અને પ્રવૃત્તિઓમાં અહિંઆ વસતા લોકો કરતાં ભિન્ન પ્રકારના હતા. નવા નવા પ્રદેશો પર વિજય પ્રાપ્ત કરવો, અને વિશ્વદેવતાઓની સ્તુતિ કરી જીવન કાવ્યમય બનાવવું તે આ લોકોની વિશેષતા હતી. વૈદિક ઋષિઓ ક્ષત્રિય વૃતિના હતા તેટલા જ બ્રાહ્મણવૃત્તિના પણ હતા. કુદરતની મહત્તા જોઇને તેઓનો આત્મા નાચી ઉઠતો. સમસ્ત વિશ્વને પોતાને શરણે લાવવાની અને તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાની વૃત્તિ પણ તેઓમાં રહેતી હતી. હજી આત્મવાદનું જટિલ અને સૂક્ષ્મ તત્ત્વ તેઓના વિચારનો વિષય નહોતું બન્યું. દુનિયાના અપ્રતિમ ભાગોને માટે અભ્યર્થના કરવી, કુદરતની શક્તિઓને દૈવી તત્ત્વ માની પૂજન કરવું અને પુરૂષાર્થવડે આગળ વધવું એ જ તેઓનું ધ્યેય રહ્યું હતું. આ યુગમાં જ વેદોની રચના થઇ અને આ સમાજમાં ક્રમશઃ યજ્ઞપ્રધાન સંસ્કૃતિનું નિર્માણ થયું. સત્ય અર્થમાં કાવ્ય તો ક્યારનું અદૃશ્ય થયું હતું, માત્ર આડમ્બર બાકી રહ્યો હતો. બ્રાહ્મણકાલમાં યજ્ઞયાગોની પ્રવૃત્તિની અધિકતા એટલી બધી વધી ગઇ કે તેના વિરોધી દળોએ તે કર્મકાંડનો ત્યાગ કર્યો અને વનમાં જઇને રહ્યા. આ સમયમાં જે સાહિત્ય નિર્માણ થયું તેને આપણે "આરણ્યક" નામથી ઓળખીએ છીએ. ત્યાર પછી વિશ્વસાહિત્યમાં અનન્ય એવા ઉપનિષદ્‌ની રચના થઇ. ત્યારથી બ્રાહ્મણ વર્ગની યજ્ઞપ્રધાન સંસ્કૃતિની પ્રતિષ્ઠા ઘટતી ચાલી અને ભારતમાં નવીન જીવન શરૂ થયું.

ઉપનિષદકાળની પહેલાં જૈન ધર્મની અવસ્થા કેવી જાતની હતી તે જાણવા માટે આપણી પાસે એક પણ સાધન ઉપલબ્ધ નથી. સાધારણ રીતે પ્રત્યેક ધર્મના સનાતની લોકો પોતાના ધર્મને અનાદિથી ચાલ્યો આવતો સમજાવે છે, જેમાં આપણો સમાજ અપવાદ નથી. સનાતનીઓની દૃષ્ટિ પ્રાચીનતા પર જેટલી રહે છે, તેટલી સત્ય પર રહેતી નથી, એટલું જ નહિ પરંતુ સત્યની કસોટી પણ પ્રાચીનત્વ ઉપરથી થાય છે, જો કે સત્યશોધકે તો કેવળ સત્યની ઉપર જ ભાર મૂકવો જોઇએ.

તુલનાત્મક ઇતિહાસથી જાણવા મળે છે કે વેદકાળની પહેલાં પણ આ દેશમાં એક વિશિષ્ટ સંસ્કૃતિ હતી, જે આર્ય સંસ્કૃતિની સાથે સાથે વધતી રહી, જેણે આક્રમક નવી સંસ્કૃતિનો સામનો કર્યો અને જરૂર પડયે સમન્વય પણ કર્યો. તેને આપણે દ્રાવિડ અર્થાત્ મૂળ ભારતીય સંસ્કૃતિ કહી શકીએ. ભલે તે લોકોની સંસ્કૃતિ મૌલિકતા ધરાવતી ન હોય તો પણ તે આર્યસંસ્કૃતિથી ભિન્ન હતી અને તેમાં ઉચ્ચનીચ્ચ સંસ્કાર પણ હતા. આ સંસ્કૃતિ શ્રમણ સંસ્કૃતિના નામથી ઓળખાય છે. આ શ્રમણ સંસ્કૃતિ વ્યાપક અર્થમાં સાંખ્યમતવાદી કહેવાય છે. આજે જેને આપણે વૈષ્ણવ, શૈવ ઇત્યાદિ નામથી ઓળખીએ છીએ, તે લોકો એક યુગમાં વેદવિરોધી હતા અને તેઓની અલગ સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવતી હતી. આ લોકોની સાથે જૈન, આજીવક આદિ તપઃપ્રધાન વર્ગોનો સમાવેશ થતો હતો. આર્યોએ આ દેશની પ્રજાને જીતી લીધી. આ યુગમાં વિરોધ અને યુદ્ધ થયા તેનું વર્ણન આપણને વેદ વાઙ્મયમાં સ્પષ્ટપણે મળે છે.

આદિ ભારતવાસીઓના ત્રણ મહત્વના તત્ત્વો મનાય છે. તપ, અહિંસા અને કર્મવાદ. આ તત્ત્વો આધુનિક લાગે છે, તો પણ તેનો થોડો ઘણો અંશ તે યુગમાં મૂળરૂપમાં હોવો જોઇએ. આ વિષે જાણવા મળ્યું છે તે મુજબ ઉપરનાં તત્ત્વોનું પ્રરૂપણ વેદકાલમાં પણ બહુ પાછળથી થયું છે પણ વિશેષ નિરૂપણ એ કાળમાં થયું છે કે જ્યારે બ્રાહ્મણો કર્મકાણ્ડને છોડી અધ્યાત્મવાદની ચર્ચા કરવા લાગ્યા હતા. બ્રાહ્મણકાળમાં હિંસા અત્યંત વધવા લાગી, અને બ્રાહ્મણવર્ગ પોતે યજ્ઞસૃષ્ટિનો ઇશ્વર બની બેઠો. આ કર્મકાણ્ડથી અલગ રહી તેનો બહિષ્કાર કરનારો એક વર્ગ પણ તે સમયે હતો.

સાથે સાથે એ પણ નક્કી છે કે આર્યસંસ્કૃતિથી વિભિન્ન એવો આ વર્ગ હતો, જેમાં અનેક વિચારપ્રવાહ અને આચારનો વિકાસ થયો હતો. આજ જેને આપણે શૈવ અને મહાદેવનો ઉપાસક સમજીએ છીએ તેનું મૂળ આ સંસ્કૃતિમાં છે. અઘોરપંથી કે જે સ્મશાનમાં રહેતા હતા, અને ઉગ્ર તપશ્ચર્યા તથા પંચાગ્નિ સાધન વડે કાયક્લેશ કરતા હતા તેવો એક વર્ગ પણ આમાં હતો. સાથે સાથે અહિંસાની પ્રતિષ્ટા કરતાં કરતાં તપોમય જીવન જીવવાવાળો પંથ આ સંસ્કૃતિમાં પ્રબળ હતો. આ તપઃપ્રધાન સંસ્કૃતિ શ્રમણધર્મી કહેવાતી હતી. આ સંસ્કૃતિના અનેક પંથો છે, જે આજીવક, શૈવ, જૈન વગેરે નામોથી પ્રસિધ્ધ છે.

ઉપનિષદકાળ પછી નવો ખંડકાલ નજરે આવે છે. જેમાં બે મહાન વ્યક્તિઓનો જન્મ થયો. તે છે ભગવાન બુધ્ધ અને ભગવાન મહાવીર. આ બન્ને મહાપુરૂષોએ વેદનું ખંડન કર્યું, વેદના પ્રામાણ્યનો અસ્વીકાર કર્યો, બ્રાહ્મણોની મહત્તાનો ઇન્કાર કરી નવીન તત્વોનો ઉપદેશ આપ્યો, પરંતુ આ બન્ને મહાત્માઓનું કાર્યક્ષેત્ર ભિન્ન હતું. ભગવાન બુદ્ધનું ધર્મપ્રવચન ભગવાન મહાવીરથી પહેલાં શરૂ થયું હતું અને તેમને મહાવીર કરતાં વિશેષ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. પાલી ભાષાના પ્રાચીન પીટકોમાં આપણને તેના જુદા જુદા પંથો અને વાદો જોવા મળે છે. બુધ્ધે તેઓના અનુયાયીઓનો પ્રતિરોધ અને વિવાદ કર્યો. પુરાણ કશ્યપ, મકખલિ ગોસાલ, અજિત કેશકમ્બાલિ, પકુદ કચ્ચાન, સંજય બેલટ્ઠિપુત્ત અને નિગન્થ નાતપુત વગેરેનો ઉલ્લેખ વારંવાર પાલી પીટકોમાં આવે છે. બુધ્ધે અલગ અલગ ધર્મોનો પ્રયોગ પોતે જાતે કર્યો અને સ્વયંપ્રજ્ઞ થઇને નવો ધર્મ સ્થાપ્યો. ભગવાન મહાવીરને એટલી મુશ્કેલીઓ નહોતી. ભગવાન મહાવીરને નવો ધર્મ સ્થાપવાનો નહોતો. માત્ર મૂલધર્મનું સંશોધન કરવાનું હતું. ભગવાન મહાવીરની પહેલાથી જ નિર્ગ્રંથ સંપ્રદાય અપ્રતિહત હતો કે જે ભગવાન પાર્શ્વનાથનો અનુગામી હતો.

ભગવાન પાર્શ્વનાથથી જ ઐતિહાસિક જૈન ધર્મની શરૂઆત થયેલી માનવામાં આવે છે. પાર્શ્વનાથના સમયમાં અનેક પંથો હતા, જે અવૈદિક અને તપઃપ્રધાન હતા. આ પંથોમાં દેહદંડનો પ્રચાર હતો અને હિંસા પણ ચાલતી હતી. અહિંસાના સિદ્ધાન્તનું પ્રથમ ઉચ્ચારણ આપણને પાર્શ્વનાથના જીવનમાં દેખાય છે. ભગવાન પાર્શ્વનાથના જીવનની એક કથા છે, જે તત્કાલિન વિવાદો પર પૂરતો પ્રકાશ પાડે છે. કથાનો સાર એવો છે કે પાર્શ્વનાથે એક પંચાગ્નિ સાધકને જગાડયો અને તેમાં થનાર હિંસા તરફ તેનું ધ્યાન ખેંચ્યું. ભલેને આ કથા સામાન્ય હોય, તો પણ એ વાત સ્પષ્ટ છે કે ભગવાન પાર્શ્વનાથના સમયમાં હિંસા અહિંસાનો વિવાદ ચાલુ જ હતો. અને અહિંસાવાદી વર્ગ અસ્તિત્વમાં હતો.

બીજી પણ એક વાત ઐતિહાસિક દૃષ્ટિથી સિધ્ધ ન હોવા છતાં ખાસ ઉપયુક્ત છે. ભગવાન નેમિનાથના જીવનમાં આપણે એક એવો પ્રસંગ જોઇએ છીએ કે જે અહિંસાધર્મની પ્રતિષ્ઠા કરે છે. યાદવવંશી ઉગ્રસેન રાજાએ નિરપરાધી પશુઓને પાંજરામાં પૂરેલાં, તે જોઇને રાજકુમાર નેમિનાથે વિવાહમંડપનો ત્યાગ કર્યો એટલું જ નહિ પરંતુ સાંસારિક જીવન છોડીને દીક્ષા લીધી. ઉપરની કથા ભલે સામાન્ય લાગે છે, પરંતુ તેનાથી એ વાત સિધ્ધ થાય છે કે જૈન પરંપરાએ જ પ્રાચીન કાળથી અહિંસાધર્મની પ્રતિષ્ઠાપના કરી છે.

ભગવાન મહાવીરના કાળમાં આપણે સ્પષ્ટ જોઇએ છીએ કે તેમણે વેદોના પ્રામાણ્યનો અસ્વીકાર કર્યો. કેટલાક જૈન ધર્મના અભ્યાસીઓનો એવો ખ્યાલ છે કે જૈન ધર્મ વેદકાલથી ફુટી નિકળેલો એક પક્ષ છે, જેણે માત્ર પ્રતિક્રિયા કરવાનો પુરૂષાર્થ કર્યો. આ વાતનો વિચાર કરવો આવશ્યક છે. આજ સુધી વૈદિક અથવા હિન્દુસંસ્કૃતિનો એવો ઇતિહાસ છે કે જેમાં કોઇ સુધારક થયા તેણે વેદને પ્રમાણ માન્યો છે. કોઇએ પણ વેદનું ખંડન કરીને સુધારણા કરવાનું સાહસ કર્યું નથી. ઉપનિષદના ઋષિ, ગીતાના કર્તા, અન્ય અન્ય વૈદિક દર્શનોના આચાર્ય, શ્રીમદ્ શંકરાચાર્ય, મહારાષ્ટ્રીય અથવા બીજા સંતો, અને આધુનિક સુધારક દયાનંદ સરસ્વતી જેણે જેણે સુધારણા કરી, તે દરેકે વેદને પ્રમાણ માનેલ છે અને બ્રાહ્મણવર્ગને સર્વશ્રેષ્ઠ માન્યો છે. વેદનું પ્રામાણ્ય અને બ્રહ્મણોનું વર્ચસ્વ માની લેવાના કારણે જ કોઇ પણ સુધારકનો વિરોધ થતો નહોતો, એટલું જ નહિ પણ એ સમજુતી ઉપર જ વૈદિક અને હિંદુસમાજે અન્ય ધર્મો સાથે સમન્વય કર્યો છે અને અન્ય મતોને પોતામાં ભેળવી લીધા છે. વેદને અપ્રમાણ કહીને હિંદુ અથવા વૈદિક સમાજમાં ક્રાન્તિ કરવાવાળું આજ સુધી કોઇ નજરે નથી આવતું. એનો સાર એ થયો કે જે જૈન ધર્મે વેદનું પ્રમાણ્ય, ઇશ્વરની સૃષ્ટિ અને બ્રાહ્મણના માહાત્મ્યને માન્યું નહિ, એ જૈન ધર્મ મૂળથી જ વૈદિક નહોતો. વૈદિક સંસ્કૃતિની સાથે સાથે વધતી જતી શ્રમણ સંસ્કૃતિ જ તેની સંસ્કૃતિ હતી. તેના અધ્વર્યુ ભગવાન પાર્શ્વનાથ હતા, જેમણે નિર્ગ્રંથ માર્ગ ચલાવ્યો અને જેમણે સૌથી પ્રથમ અહિંસાનું પ્રરૂપણ કર્યું.

(3)

ભગવાન પાર્શ્વનાથ પછી આપણે જે કાલખંડનો વિચાર કરીએ છીએ તે મહાવીર યુગનો છે. ભગવાન મહાવીરે જૈન ધર્મનો પુનરૂદ્ધાર કર્યો. ભગવાન મહાવીરના સમયમાં લગભગ અરધા ઉપનિષદ્ રચાયા હતા અને ભારતીય જીવનમાં નવી સૃષ્ટિ નિર્માણ થઇ હતી. વેદકાલમાં જે આત્મવાદ, પરલોક, તત્ત્વજ્ઞાન વગેરેનું નામનિશાન સુદ્ધાં નહોતું તે વાદોનો પ્રચાર ચાલુ થયો હતો અને પ્રતિભાસંપન્ન ભારતીય ક્ષત્રિય તથા બ્રાહ્મણોએ ઉપનિષદ્ જેવા અનન્ય સાહિત્યનું નિર્માણ કર્યું હતું. નવીન તત્વોની શોધ થઇ રહી હતી અને બ્રહ્મ, વિશ્વ તથા જગતના મૂલ તત્વોનો વિચાર વિશેષ રૂપથી સામે આવ્યો હતો. આ વિચારક્રાન્તિ ખાસકરીને ક્ષત્રિયોની હતી, જેને બ્રહ્મણોએ અપનાવી લીધી હતી અને બુદ્ધિમાન વર્ગે તેમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી હતી. આત્માની નિત્યતા અને વિશ્વની એકતા તરફ આ તત્વદર્શીઓ વિકાસ કરતા ચાલ્યા હતા. પ્રત્યેક જીવ પોતાને ચાહે છે અને તેજ બ્રહ્મનો અંશ છે :—

"न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं,
भवति आत्मनस्तु कामाय सर्वं प्रियं,
भवति आत्मा वा हे दृष्टव्यः श्रोतव्यः, मन्तव्यः"
मैत्रेयि-याज्ञवल्क्य संवाद-(बृहदारण्यक उप.)

જો કે ઉપર પ્રમાણે પ્રરૂપવામાં આવ્યું છે, તો પણ ઉપનિષદમાંથી આપણને એક પણ એવું વાકય મળતું નથી, કે જે આ તત્વનું અનુસરણ કરી આગળ એમ કહે કે આ કારણથી પ્રત્યેક આત્માએ બીજા આત્માઓ સાથે પ્રેમ કરવો જોઇએ. 'મૈત્રી' કે જે વિશ્વજીવનની એકમાત્ર ભાવના છે તેનો ઉલ્લેખ કોઇ પણ ઉપનિષદમાં આવતો નથી, અને તેને જૈન તથા બુદ્ધ ધર્મે પોતાના પ્રરૂપણમાં પરમ સ્થાન આપ્યું હતું. યજ્ઞસંસ્થાઓમાં જે હિંસા ચાલી રહી હતી તેનું ખંડન મહાવીરે કર્યું હતું તે વાતને ફરીથી યાદ આપવાની જરૂર નથી. યજ્ઞ સૃષ્ટિની સમાલોચના તે કાળમાં કેવી રીતે થઇ હશે તેની ઝાંખી આપણને ઉત્તરાધ્યયનાન્તર્ગત 'જન્નઇજ્જ'માં જોવા મળે છે. તેનાથી પણ મૌલિક કાર્ય તો એ છે કે મહાવીરે દલિતો અને પીડિતોને પણ અપનાવ્યા. સત્ય અર્થમાં મૌલિક અહિંસા તો આને જ કહી શકાય. યજ્ઞની હિંસા કે જેને ઉત્તરકાલીન વૈદિક બ્રાહ્મણો અહિંસા જ માનવા લાગ્યા હતા તેને જૈનધર્મે જરૂર બંધ કરી હતી. તેનું શુભ પરિણામ બ્રાહ્મણ કે અન્ય વર્ગો ઉપર એ આવ્યું છે કે આજે કોઇ પણ પ્રલોભન બ્રાહ્મણોને પશુમેધ કરાવવામાં સમર્થ થઇ શકતું નથી.

જે વાતમાં જૈન ધર્મની વિશેષતા રહી તે એ છે કે વર્ણભેદનો તેણે અસ્વીકાર કર્યો અને નવી સમાજવ્યવસ્થા અપનાવી. આમાં બ્રહ્મણોનો વિરોધ હોય તે સહજ હતું, કેમ કે તે લોકો ધર્મ અને સમાજના નિયન્તા બની ચુકયા હતા. જો કે બુધ્ધિજીવી વર્ગે ઠીક પ્રમાણમાં તત્ત્વજ્ઞાનમાં વધારો કર્યો હતો, તો પણ વર્ણભેદે સમાજને રોગી બનાવી દીધો હતો અને તેમાં શૂદ્રોની સ્થિતિ દયાપાત્ર બની ગઇ હતી. તેને શાસ્ત્ર શિખવાનો અધિકાર નહોતો તેમજ રાજ્ય ચલાવવાનો હક્ક નહોતો. તેનું સાધારણ પ્રતિબિમ્બ આપણને ઉત્તરાધ્યયનમાં "ચિત્તસંભૂતિ"ના સંવાદમાં મળે છે. દલિતવર્ગને અપનાવીને મહાવીરે પ્રચલિત સમાજમાં નવીન ક્રાન્તિ કરી. એ પણ એક પ્રશ્ન વિચારવા જેવો છે કે મહાવીરે પોતે ચાતુર્વર્ણ્યનો વિરોધ કેટલી હદ સુધી કર્યો? "કમ્મુણા બંભણો હોઇ, કમ્મુણા હોઇ ખિત્તિઓ" આ વાકય આગમમાં આપણને મળે છે તો પણ તેના અર્થની બાબતમાં વિદ્વાનોમાં મતભેદ છે. પૌર્વાત્ય વિદ્વાનોની ધારણા એવી છે કે કર્મથી અહિંઆ ગુણકર્મનો બોધ થાય છે, અને લોંગમાન જેવા પાશ્ચાત્ય વિદ્વાનોની ધારણા એવી છે કે જૈન ધર્મે બ્રાહ્મણોનો વિરોધ ભલે કર્યો, તો પણ ગુણકર્મનું તત્ત્વ તેણે અપનાવ્યું નહોતું. "કર્મ" શબ્દનો અર્થ તે લોકો પૂર્વોપાર્જિત કર્મ—'પુણ્ય અથવા પાપ'—એવો કરે છે.

જો કે પાશ્ચાત્ય લોકોની ધારણા નવી છે તો પણ તેમાં સામંજસ્ય જરૂર છે. આપણામાં ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્રની જે કલ્પના છે, તે માત્ર મધ્યમ વર્ગનો સમાજ છે. તે ઉપરથી અનુમાન કરી શકાય છે કે જૈનોએ જાતિભેદોનો સંપૂર્ણ ત્યાગ નથી કર્યો. આ બાબતમાં બૌદ્ધધર્મે જ વિશેષ આગળ પગલું ભર્યું હતું. અને તેની અસર જૈન ધર્મ ઉપર પણ પડી હોય તેમ લાગે છે. "ચિત્ત સંભૂતિ" સંવાદના અધ્યયન પછી આપણે જોઇ શકીએ છીએ કે મહાવીરે જન્મમૂલક ચાતુર્વર્ણ્યનો વિરોધ કર્યો હતો. દલિત વર્ગોને અપનાવવો, બ્રાહ્મણવર્ગના માહાત્મ્યનો તેમજ વેદપ્રામાણ્યનો અસ્વીકાર કરવો એ વાતોનો સ્પષ્ટ અર્થ તો હતો નવી સમાજવ્યવસ્થા અને તે પણ નવી નહિ—પરંતુ કુલશોધન—સમાજશોધન અને નવપરિવર્તન. નવા સમાજના બંધારણમાં નવી સમાજવ્યવસ્થા આવી અને સાથે જ જુદું તત્વજ્ઞાન વ્યવસ્થિત રૂપમાં એકત્રિત થયું, અને રચવામાં આવ્યું. આ પરંપરાને અને સમાજને આપણે જૈન કહીએ છીએ, અને આ સમાજનાં જીવનમાં જે આન્દોલન થયા તેના ઉપર આપણે વિચાર કરવાનો છે.

અપૂર્ણ

મૂળ હિંદી : **પદ્મનાભ જૈન**

અનુવાદક : **વેણીબહેન કાપડીઆ**

# જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?

( ગતાંકથી ચાલુ )

ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં જ ભગવાન મહાવીરનો જન્મ થયો હતો, અને તે તપપ્રધાન સંસ્કૃતિએ જ તેમને દિવ્યદૃષ્ટિ આપી હતી. મહાવીરે દિક્ષા લીધા પછી ઉગ્ર તપશ્ચર્યા કરી અને તેના ફલસ્વરૂપ દિવ્યજ્ઞાન તેમને પ્રાપ્ત થયું. એમ લાગે છે કે મહાવીરની આ તપશ્ચર્યાએ તત્કાલીન સમાજમાં આશ્ચર્ય ઉત્પન્ન કર્યું હોય. આવી ઉગ્ર તપશ્ચર્યાને ફલરહિત બતાવવાવાળા અને એ માર્ગને લક્ષિત કરીને દેહદમનની અતિશયતાને ખંડિત કરતા વિવાદો આપણે બૌદ્ધ પીટકોમાં જોઇએ છીએ. સાથે સાથે એવો નિષ્કર્ષ પણ કાઢી શકાય છે કે સર્વજ્ઞત્વનો વાદ ને સમયમાં જ શરૂ થયો હતો. વ્યક્તિ સર્વજ્ઞ થઇ શકે કે નહિ તે વિષય પર વિદ્વાનોમાં તીવ્ર મતભેદ છે અને વર્તમાન જૈન સમાજમાં પણ આ પ્રશ્ન પૂર્વવત્ વિવાદાસ્પદ જ રહ્યો છે. મહાવીરના અનુયાયીઓએ મહાવીર પાસેથી 'સર્વજ્ઞત્વ' પ્રાપ્ત કર્યું તે સત્ય છે. આનો વિરોધ પાલી ગ્રન્થોના મજ્ઝિમનિકાયમાં સ્પષ્ટ છે. તેનાથી એક વાત સિદ્ધ થાય છે કે ભગવાન મહાવીરે જરૂર કોઇ અસાધારણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, જે; તે સમયમાં ચમત્કારજનક ગણાયું હોય. જે વિષયમાં મતભેદ કે તે 'સર્વજ્ઞત્વ' નો વિષય અને તે છે માટે એટલું જ કહી શકાય કે તે મતભેદ વ્યક્તિગત હોવાથી પ્રત્યેક વ્યક્તિએ પોતે જ સંપૂર્ણ રીતે વિચાર કરવાની આવશ્યકતા છે.

જીવનશોધનનું પ્રથમ કાર્ય કર્યા પછી ભગવાન મહાવીરે પોતાની પરંપરામાં થોડુંઘણું શોધન કર્યું અને અન્ય તત્ત્વજ્ઞાન તથા આચારના અનુયાયીઓમાં જે મિથ્યા આચાર અને ભિન્ન વિચાર હતા તેનું સંશોધન કર્યું. તેમ જ સુદૃઢ તત્ત્વજ્ઞાન સાથે સુદૃઢ સમાજનું પુનરૂત્થાન પણ તેમણે કર્યું,

પ્રત્યેક સમાજમાં કાંઇક, એવું મૂલતત્વ હોય છે, જેની ઉપર તે સમાજ સ્થિર રહે છે. અને સમાજનું એ જ તત્વ વિશિષ્ટ–રીતથી તેનું નિયામક બની રહે છે. ચાતુર્વર્ણ્ય, માતૃ-સાવર્ણ્ય, પિતૃસાવર્ણ્ય, શ્રમજીવન, સમાજવાદ, પૂંજીવાદ, લોકરાજ અને અન્ય અનેક તત્વોથી આપણે પરિચિત છીએ. તે દુનિયાના જુદા જુદા દેશોના સમાજના મૂલતત્વ હતા. બ્રાહ્મણોએ સ્થિર કરેલા વૈદિક સમાજમાં ચાતુર્વર્ણ્ય સંસ્થા દૃઢ થઇ હતી. ભલે તેનું મૂળસ્વરૂપ ગમે તેટલું ઉચ્ચ લેખાયું હોય, પણ તે સંસ્થા વિષમતા નિર્માણ કરી ચુકી હતી અને તે કારણસર જ મહાવીરે જન્મમૂલક ચાતુર્વર્ણ્ય સંસ્થાનો નિષેધ કર્યો અને એક 'ધાર્મિક'

સમાજ ચતુર્વિધ સંઘના તત્ત્વ પર વ્યવસ્થિત કર્યો.

એ વાત સાચી છે કે ભગવાન મહાવીરના આ નવા સમાજમાં બ્રાહ્મણ વર્ગ ઓછો સામેલ થયો. બ્રાહ્મણોની કક્ષા ઉતરતી મનાવા લાગી અને ક્ષત્રિય જ્યારે નેતા બન્યા ત્યારે એ સ્વાભાવિક હતું કે બ્રાહ્મણ આ સમાજમાં ભળી શકયા નહિ. મહાવીરના નવા સંઘમાં વિશેષકરીને ક્ષત્રિય અને વૈશ્ય વર્ગ શામિલ થયો, બ્રાહ્મણવર્ગ તો, ત્યારે શામિલ થયો કે જ્યારે યુકિતવાદોથી તેઓનાં તત્ત્વોનું ખંડન કરવામાં આવ્યું, પરિણામસ્વરૂપ આપણે જોઇએ છીએ કે મહાવીરના પરમ શિષ્ય ગણધરો પ્રથમ વૈદિક બ્રાહ્મણ હતા, પાછળથી તેઓ જૈન થયા. એટલું બનવા છતાં પણ બ્રાહ્મણવર્ગે પોતાનું સ્થાન છોડયું નહિ. તેઓનું મતપરિવર્તન કેવી રીતે કર્યું તે વાતોની શોધ જો કે થઇ નથી તો પણ 'ગણધરવાદ' જેવા આગમોમાં અને દંતકથાઓમાંથી જે નિષ્કર્ષ મળે છે તે ચિન્તનીય છે. કર્મવાદનો સિદ્ધાન્ત જે વૈદિક અને બૌદ્ધ બન્નેને માટે નવો હતો તે પ્રથમ ભગવાન પ્રાર્શ્વનાથે અને પછી ભગવાન મહાવીરે જ પ્રરૂપણ કર્યો. મહાવીરના પહેલાના જમાનામાં જે વૈદિક સાહિત્ય (પ્રાચીન) નિર્માણ થયું હતું તેમાં કર્મસિદ્ધાન્તની બહુ જુજ ઠેકાણે પ્રરૂપણા કરવામાં આવી છે. એમ છતાં પણ જે કાંઇ ઉલ્લેખો કરવામાં આવ્યા છે તે વિચારણીય તો છે જ. પરંતુ બૃહદ્વારણ્યક ઉપનિષદમાં યાજ્ઞવલ્કય સાથેનો આર્તરવનો જે સંવાદ આવે છે તેમાંના કેટલાક ભાગ જોતાં માલુમ પડે છે કે યાજ્ઞવલ્કય કર્મસિદ્ધાંતનું ઉચ્ચારણ ઘણી ગંભીરતાથી કરે છે અને આ બાબત ગુપ્ત રહે અને સાર્વજનિક ચર્ચાનો વિષય બની ન જાય એમ સૂચવતા લાગે છે. આ ઉપરથી એમ અનુમાન થાય છે કે ઉપનિષદ કાળમાં આ તત્વ અવૈદિક દાર્શનિકોદ્વારા વૈદિક દાર્શનિકોને મળ્યું હતું જે રહસ્યરૂપમાં હતું છતાં તેમને ચિન્તનીય લાગ્યું હતું. બૌધ્ધ ધર્મે પણ કર્મના સિધ્ધાન્તના મૂળને પકડી લીધું તેનું શ્રેય જૈન ધર્મને ઘટે છે.*.

કર્મસિદ્ધાન્ત જૈનોનો જ હતો અને એ સિદ્ધાન્તને જૈનોએ એટલો બધો પલ્લવિત કર્યો હતો કે દુનિયાના કોઇ પણ સાહિત્યમાં આ તત્વ વિષે આટલું બધું વિવેચન કરવામાં આવ્યું નથી. ભગવાન મહાવીરના સમયમાં અને તેમના કાળધર્મ પામ્યા બાદ જે આગમગ્રંથ રચવામાં આવ્યા છે એમાંથી કર્મસિધ્ધાન્ત પરત્વે જે ઉપલબ્ધ ભાગ આપણને મળે છે તેના અધ્યયન ઉપરથી આપણને માલુમ પડે છે કે આવો વિસ્તૃત અભ્યાસ કોઇ એક કાળ કે કોઇ એક વ્યક્તિનો હોઇ શકે નહિ. પણ અનેક વિદ્વાનોએ અનેક સદીઓમાં જે નિદિધ્યાસ કરવામાં આવેલ છે તેનું આ ફળ છે.

કર્મસિધ્ધાન્તની સાથે જ એક બીજો મહાન સિદ્ધાન્ત હતો જેને જૈન ધર્મનો પરમવિશિષ્ટ સિધ્ધાન્ત કહી શકાય. આગળ આપણે જોઇ ગયા છીએ કે ઉપનિષદોમાં આત્માવાદની ચર્ચા સ્થળે સ્થળે કરવામાં આવી હતી અને વિવિધ પ્રકારના નવા પ્રશ્નો વિશ્વચિંતકોની સામે ઉત્પન્ન થયા હતા, જગતના મૂળકારણને શોધી લેવાની આ પ્રવૃત્તિ જેટલી મહાન હતી એટલી વિવિધ પણ હતી અને નવીન પ્રકારના નિષ્કર્ષ પર આ ચિન્તકો પહોંચી ચુકયા હતા. જગતની નિત્યતા કે અનિત્યતા, એકકારણત્વ કે અનેકકારણત્વ, ચેતનમૂલકારણત્વ કે અચેતનમૂલકારણત્વ, જીવ અને શરીરનો ભેદ કે અભેદ ઇશ્વરવાદ, કે અનીશ્વરવાદ, સત્વાદ કે અસત્વાદ, જેવા અન્ય અનેક વાદો પુષ્કળપ્રમાણમાં વધી પડયા હતા કે વિવિધ ચિન્તકોએ તેને ઉકેલવાનો પ્રયત્ન કર્યો હતો. ભગવાન બુધ્ધ કે જે જીવનશોધન ઉપર અત્યધિક લક્ષ દેતા હતા, તેમને પણ વિશ્વશોધકોના અન્યાન્ય પ્રશ્નોના ઉત્તર દેવાની ફરજ પડી. ઉપનિષદોનો શાશ્વતવાદ અને વિવેચકોનો ઉચ્છેદવાદ એ બન્નેનો ભોગ ન બનતા તેમણે જો કે વિભજ્યવાદ અંગીકાર કર્યો, તો પણ વિધાયક ઉત્તર દેવામાં તે અસમર્થ રહ્યા. જીવનશોધકોને તેમણે સ્પષ્ટ આદેશ આપ્યો કે તેઓ આ વાદોથી અલિપ્ત રહે, અને પોતાના વાસ્તવિક પ્રશ્નો પર કે જે વર્તમાન જીવન સાથે ખાસ સંબંધ ધરાવે છે તે ઉપર પોતાનું લક્ષ્ય એકત્રિત કરે.

ભગવાન મહાવીરે આ અધુરૂં કામ પુરૂં કર્યું. માનવજીવન જીવનશોધનમાં ત્યારે સંતુષ્ટ રહી શકે છે કે જ્યારે તે સંસારની આ ગુંચવણમાંથી કોઇને કોઇ રીતે પાર પામે છે. ભગવાન મહાવીરે પણ કેવળ શાશ્વતવાદ કે કેવળ ઉચ્છેદવાદનો સ્વીકાર નહોતો કર્યો. આ પ્રશ્નોના મહત્વનો તેમણે સ્વીકાર કર્યો અને સ્વતંત્રરૂપથી તેનો સમન્વય કર્યો. ભગવાન મહાવીરનો માર્ગ ખાસ કરીને વિધાયક છે, તેમણે આ ભિન્ન મતપ્રણાલિઓનો અનેક ભૂમિકાઓથી સ્વીકાર કર્યો અને તત્ત્વના પ્રરૂપણમાં તેનો યથાયોગ્ય ઉપયોગ કર્યો. આ જ એમનો સમાધાનકારી અનેકાન્ત માર્ગ છે જે તેમની વિશેષ ભેટ છે. આ જ તત્ત્વના બળ ઉપર આગળ જૈન દાર્શનિકોએ અન્ય દર્શનોનું ખંડન કર્યું અને અનેકાન્તવાદ જૈન ધર્મનો એક પર્યાયવાચી શબ્દ બન્યો. (જુઓ—આગમકાલીન અનેકાન્તવાદ—પં. માલવણીયા કૃત) આ પ્રકારનું તત્ત્વજ્ઞાન કે જે પાર્શ્વનાથની પરંપરાથી મળ્યું હતું તેને ભગવાન મહાવીરે સ્થિર કર્યું અને તપઃપ્રધાન તથા અહિંસાત્મક આ પરંપરા સાથે કર્મ—સિધ્ધાંત તથા અનેકાન્તવાદને જોડી દઇને પાર્શ્વનાથની પરંપરાને સંશોધિત કરી તેમ જ પ્રબલ બનાવી. સમાજના ત્રણ ઘટકોમાંથી આપણે પ્રથમ ઘટક તત્ત્વજ્ઞાનનો વિચાર કર્યો છે. આ તત્ત્વજ્ઞાનને અપનાવવાવાળો જનસમૂહ તે બીજો ઘટક છે, અને તે તત્ત્વજ્ઞાનનું પ્રચાર કરવાવાળું સાહિત્ય તે ત્રીજું ઘટક છે.

ભગવાન મહાવીર જેમ તત્ત્વજ્ઞાન નવું નથી લાવ્યા તેમ એમણે સમાજ પણ નવો નથી સ્થાપ્યો. એમણે તત્ત્વજ્ઞાનનો વિકાસ કર્યા, તે પરિસ્થિતિમાં તેનો વિધાયક ઉપયોગ કર્યો અને પરંપરાથી પ્રાપ્ત તથા નવા અનુયાયીઓથી બનેલા સમાજનું તેમણે શોધન કર્યું.

આપણે આગળ જોઇ ગયા કે જૈન સમાજ ચતુઃસંઘની વ્યવસ્થા પર પ્રતિષ્ઠિત છે. આ ચાર સંઘ છે શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા. તેના આગળ ઉપર છ ભેદ થયા હતા. શ્રમણ, શ્રમણી, શ્રમણોપાસક, શ્રમણોપાસિકા, શ્રાવક અને શ્રાવિકા. આ ચાર વર્ગોમાં સમાજના વિવિધ સાર એકત્રિત કરવામાં આવ્યો છે. પહેલો અને બીજો સંઘ તે અનુયાયીઓને એકત્ર કરે છે, જે આચારપૂર્ણ થતાં વિશેષતમ્ સંસ્કૃતિસંવર્ધન, જ્ઞાનોપાસના અને જીવનશોધન કરે છે. ત્રીજો અને ચોથો વર્ગ જીવનશોધનની સાથે જ પહેલા બે વર્ગોની સેવા કરે છે, અને ક્રમશઃ તેમાં સમ્મીલિત થાય છે. છેલ્લા બે વર્ગ એવા છે કે જે જીવનના નિત્ય વ્યવહારમાં રચ્યાપચ્યા રહે છે, અર્થ અને કામની સાધના કરતાં કરતાં ધર્મની પ્રતિષ્ઠાપના કરે છે, અને જીવનના વિવિધ અંગોને અપનાવે છે.

શ્રમણ અને શ્રમણી આ બંન્ને સંઘ જો કે સંખ્યામાં નાના હોય છે તો પણ સમાજ પર તેમનો જે નૈતિક અને ધાર્મિક અધિકાર રહે છે તે અન્ય અધિકારોથી અનોખો અને અધિક પ્રભાવશાલી હોય છે. આ સ્તર મૂળપુરૂષની નિકટવર્તી હોવાથી સંસ્કૃતિવર્ધનમાં તેનો ફાળો અધિક હોય છે. જ્યારે મૂળવ્યકિત ઐતિહાસિક બની જાય છે ત્યારે આ અન્તેવાસી અનુયાયીઓને માટે તે દેવતારૂપે બની જાય છે અને તેઓના ગુણગાનમાં આ અનુયાયી ધર્મનો પ્રભાવ માનવા લાગે છે. ક્રમશઃ પરંપરા વધે છે, ધર્મ વધે છે, સમાજનું ક્ષેત્ર બદલાય છે, યુગપરિવર્તન થાય છે, પરિસ્થિતિઓ

*આ પારીગ્રાફમાં કરવામાં આવેલાં વિધાનોના સમર્થનમાં બૃહદારણ્યક ઉપનિષદ તથા મીસીસ રીસડેવીસના આઉટલાઇન્સ ઓફ બુદ્ધિઝ'માંથી લેખકે થોડા ઉતારા આપ્યા છે જે સ્થળસંકોચને લઇને અહિં આપી શકાયા નથી.
તંત્રી]

બદલાય છે અને વિશિષ્ટ સંસ્થાઓનું નિર્માણ થાય છે. પ્રતિગામી અને પુરોગામી અથવા સનાતન અને આધુનિક વિચારપ્રવાહોનો વિરોધ થતો જાય છે. આ પરંપરાઓમાં મતભેદ થતાં થતાં સમાજ-ભેદ, તત્વભેદ પણ થાય છે. આ રીતે મૂલ સમાજ અને મૂલ તત્ત્વ નવું રૂપ ધારણ કરે છે. જૈન સમાજ પણ આ નૈસર્ગિક વિક્રિયાઓનો ભોગ બન્યો છે. અને એ જ ગતિશીલતાનું ચિહ્ન છે.

ભગવાન મહાવીરના કાળમાં આ સાધુસંઘોનો પ્રભાવ અધિક રહ્યો છે. એક બાજુ બૌદ્ધ ભિક્ષુઓનો સંઘ અને બીજી બાજુ જૈન (નિર્ગ્રન્થ) સાધુસંઘ. ભગવાન મહાવીરની પછી, જ્યાં સુધી ભગવાન મહાવીર કેવળ ઐતિહાસિક વ્યકિત નહોતા બન્યા ત્યાં સુધી આ સંઘ ખુબ ઉપયોગી અને પ્રભાવશાળી રહ્યો હતો. ત્યાર પછી તેમાં અનેક શાખાઓ વધી, નવા સંસ્કાર આવ્યા, નવું પરિવર્તન થયું અને એ સંઘ સ્થિતિશીલ બન્યો.

આ જ સ્થિતિ સાધ્વીઓની પણ રહી. પ્રત્યેક ધર્મમાં વધતા ઓછા પ્રમાણમાં સ્ત્રીવર્ગની પ્રતિષ્ઠા રહી છે. આપણે ઉપનિષદકાલ તરફ નજર નાંખીએ છીએ, ત્યારે જણાય છે કે આત્મવાદની ગંભીર ચર્ચામાં બુદ્ધિવાદ કરવાવાળા પંડિતોમાં પણ સ્ત્રીઓ અગ્ર-ગણ્ય રહી હતી. ગાર્ગી, મૈત્રેયી વગેરે અનેક સ્ત્રીઓએ બ્રહ્મવાદિ-નીના રૂપમાં પોતાનું નામ ઇતિહાસમાં અમર કર્યું છે. ભગવાન પાર્શ્વનાથના સમયમાં પણ સ્ત્રીઓને સાધ્વી થવાનો હક માન્ય હતો. ભ. બુદ્ધની પહેલા જ જૈન સમાજવ્યવસ્થામાં સ્ત્રીઓનો 'સાધુ' સંઘમાં પ્રવેશ થઇ ચુકયો હતો; આ કારણથી જ ઇચ્છા ન હોવા છતાં ભ. બુદ્ધને પણ પોતાના ભિક્ષુસંઘમાં સ્ત્રીઓને લેવી પડી. ભિક્ષુસંઘમાં સ્ત્રીઓનો પ્રવેશ જોખમ રૂપ છે, તેમ જ તેનાથી ભિક્ષુસંઘ અવનત થશે એવો અભિપ્રાય ભ. બુદ્ધે વ્યકત કર્યો હતો તો પણ તેમને પોતાના સાધુસંઘમાં સ્ત્રીઓનો સ્વીકાર કરવો જ પડયો. તેનું કારણ એ હોઇ શકે કે જૈન સમાજમાં મહાવીરથી પહેલાં જ સ્ત્રીઓને સાધ્વીસંઘમાં સ્વતંત્ર સ્થાન મળ્યું હતું અને ધર્મપ્રચારમાં તેઓનો ફાળો હતો.

આ પછીના બે સંઘ શ્રાવક અને શ્રાવિકા, સમાજનો અગત્યનો સ્તર છે, જેના ઉપર સમસ્ત સંસ્કૃતિ, સંસ્કાર અને સમાજનો નૈતિક આધાર અધિષ્ઠિત રહે છે. સમાજ રૂઢિપ્રધાન હોવાથી જીવન તથા ધર્મના બાહ્ય અંગોનું રક્ષણ કરવું, ધર્મની વૃદ્ધિ કરવી એ તેઓનું કર્તવ્ય હોય છે. જૈન ધર્મે જાતિવિશિષ્ટ સમાજનિયમ નથી અપનાવ્યો, તેનાં અનેક કારણો હોઇ શકે છે.

(૧) તપ પ્રધાન સંસ્કૃતિ હોવાથી જૈન સમાજ ધાર્મિક સમાજ રહ્યો, અને તેમાં જે તપસ્વી તે જ શ્રેષ્ટ રહ્યો. તપ, જીવનની વૃત્તિ નહિ હોવાથી અને જન્મ સાથે તેનો સંબંધ ન રહેવાથી જાતિ-વિશિષ્ટ ઉચ્ચનીચતા તેમાં આવી શકી નહિ.

(૨) જ્ઞાનથી વધારે મહત્વ ત્યાગને અને અપરિગ્રહત્વને આપ-વામાં આવ્યું, અને જે અધિક સન્યસ્ત તે શ્રેષ્ટ બન્યો.

(૩) ધર્મપાલનમાં સર્વ વર્ગોને સમાન અધિકાર હોવાથી વૃત્તિઓમાં-ઉપજીવનમાં-ભેદ હોવા છતાં તેમાં ઉચ્ચનીચતા ઉત્પન્ન ન થઇ.

(૪) શ્રાવકોમાં પણ જે અધિક તપપ્રધાન તે અધિક શ્રેષ્ટ રહ્યો. ગૃહસ્થની જે ૧૧ પ્રતિમાઓ છે. તેનું મૂળ પણ આ જ છે.

(૫) જેણે તપ અને ત્યાગને ન અપનાવ્યા તે અસંસ્કૃત કહેવાયો અને કનિષ્ટ મનાવા લાગ્યો. આ રીતે જૈન સમાજની પ્રસ્થાપના ફરીથી સુધારીને કરવામાં આવી. ભગવાન મહાવીરના જીવનકાલમાં સંઘમાં જે વિશેષ પ્રસિધ્ધ વ્યકિત હતી તેની સંખ્યા કુલ ૧૧૪૭ + છે, તેનો વિવિધ આગમ-ગ્રન્થોમાં ઉલ્લેખ છે, જેમાં —

બ્રાહ્મણ-૧૪ ક્ષત્રિય-૫૯૫ વૈશ્ય-૬૩ શૂદ્ર-૭ પાર્શ્વપરમ્પ-રાના-૫ અન્ય તીર્થીઓ-૭૦૪ અજ્ઞાત-૨૮

આ સમસ્ત સંઘ વૈશાલી અને મગધની આસપાસના ૩૩ નગરોમાં સ્થાયી હતો. કલ્પસૂત્ર આપણને જે સંખ્યા દેખાડે છે (૯૭૭૦૦૦) તે કદાચ સર્વ સંઘોની અથવા તો ભગવાન મહાવીરની પછી હોઇ શકે.

ભ. મહાવીર અને પાર્શ્વનાથની પરમ્પરામાં કોઇ ખાસ ભેદ રહ્યો હોય એમ લાગતું નથી. તો પણ ભ. પાર્શ્વનાથને ધર્મ ચાતુર્યામિક હતો જેમાં ભ. મહાવીરે 'બ્રહ્મચર્ય' વ્રતને જોડી દીધું, જે પહેલાં અપરિગ્રહ વ્રતમાં સમ્મિલીત હતું. આનું કોઇ ખાસ કારણ હોઇ શકે છે. તે સમયમાં સમાજ અને સંઘમાં શિથિલતા આવી હશે, જેને રોકવા માટે આચાર-નિયમોને દૃઢ અને કડક કરવામાં આવ્યા હશે. બીજો એક મહત્વનો ભેદ અચેલત્વનો રહ્યો છે. 'કેશી ગૌતમ' સંવાદમાં આપણે અચેલત્વની પ્રાચીનતા વિષે ઉઠાવેલા પ્રશ્નો જોઇએ છીએ. સાથે જ બૌદ્ધ પીટ-કોમાં નિર્ગ્રન્થોને 'એક શાટક' શબ્દથી પણ સંબોધન કરવામાં આવ્યું છે. તેનો નિષ્કર્ષ એ હોઇ શકે કે ભ. પાર્શ્વનાથની પરમ્પરામાં સંપૂર્ણ અચેલત્વ ન રહ્યું હોય. મહાતપસ્વી ભ. મહાવીરે અંતિમ જીવનમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાના ધોરણે અચેલત્વ ધારણ કર્યું હશે. ગુણદૃષ્ટિથી શ્રેષ્ટ હોવાથી અચેલત્વને અને વ્યવહારિક ઉપયુક્તતા હોવાથી સચેલત્વને રજા આપવામાં આવી.

તત્ત્વજ્ઞાન અને સમાજની આલોચના પછી આપણે એ અંગનો વિચાર કરીએ છીએ કે જે સંસ્કૃતિની સાધનામાં મહત્ત-વપૂર્ણ સ્થાન ધરાવે છે. એ અંગ છે પ્રાચીન સાહિત્ય. જૈન સમા-જમાં આ પ્રાચીનતમ સાહિત્ય હજી પણ ઉપલબ્ધ છે, કે જેને 'જિનાગમ'ના રૂપમાં પૂજવામાં આવે છે. આ જિનઆગમ જો કે સમગ્ર જન સાહિત્યનું નામ છે, તો પણ આગમશાસ્ત્રોનું સ્થાન તેમાં ઉંચું છે. ભ. મહાવીરના સમયમાં અને પછીનાં ચાર શત-કોમાં આ આગમશાસ્ત્રોની રચના થઇ છે, જેમાં તાત્કાલીન વિવિધ પ્રશ્નો પર જે વિવાદ થયો તેનું આચારનિયમોનું તથા સામાજિક આન્દોલનોનું અને કર્મ-સિદ્ધાન્તનું વિવરણ નિબધ્ધ કર-વામાં આવ્યું છે. આ જ આગમકાળમાં આચાર્ય ભદ્રબાહુ અને આચાર્ય કુન્દકુન્દ જેવા મહાન આચાર્ય નિર્માણ થયા જેની કૃતિઓ સાધારણ જૈન સમાજમાં પૂજનીય છે. અહિંઆ સુધીમાં સમાલો-ચનાનો પ્રથમ ભાગ પૂરો થાય છે, અને તેની પછી જૈન સમાજમાં જે નવા આન્દોલનો થયાં તેના પર સંક્ષિપ્ત વિચાર આપણે કરવાનો છે. હવે આપણે ભ. મહાવીરના નિર્વાણ પછીથી લઇને વર્તમાન-યુગ સુધીની સંક્ષિપ્ત સમાલોચના કરવાની છે. ભ. મહાવીરની પછી જૈન સમાજમાં જે મુખ્ય આન્દોલનો થયાં અને જે ક્ષેત્રોમાં તેમણે પ્રગતિ કરી તેના મુખ્યત્વે કરીને ત્રણ વિભાગ થઇ શકે છે. એક ભાગ છે રાજ્યશાસન અને તેની દ્વારા ધર્મપ્રચાર, બીજો દાર્શ-નિક અને સાહિત્યવિકાસ તથા ત્રીજો વિભાગ સામાજિક આન્દોલનનો છે. જો કે આ ત્રણે એકબીજા સાથે સંબંધ ધરાવે છે તો પણ તેની ઉપર અલગ અલગ વિચાર કરવાથી આપણા આખાએ સમાજ-જીવનનો સ્પષ્ટ ખ્યાલ આપણને આવી શકે તેમ છે.

**રાજ્યશાસન**-પહેલાં આપણે એ જાણવું જોઇએ કે જૈન સમાજે કયાં અને કયા યુગમાં રાજ્યશાસન કર્યું છે. અને અન્ય રાજપુરૂષોને કયા પ્રકારથી જૈન ધર્મના સંસ્કાર આપ્યા છે.

જૈન પરંપરા માને છે કે તેના બધા તીર્થંકરો ક્ષત્રિય હતા, સાથે સાથે એમ પણ માને છે કે તેમાં કોઇ કોઇ તો ચક્રવર્તિ પણ હતા અને બીજા બધા રાજકુટુંબના હતા. ભ. પાર્શ્વનાથ અને ભગવાન મહાવીર ક્ષત્રિય હતા તે ઇતિહાસસિદ્ધ છે. ભગવાન મહાવીર પોતે રાજપુત્ર હતા અને તેમના સંઘમાં પણ

+ જુઓ-'ઉત્થાન'-મહાવીર અંક [ જૈન પ્રકાશ ] 'પાર્શ્વાપત્યીયો અને મહાવીરનો સંઘ' લેખક :-શ્રી. માલવણિયા.

ક્ષત્રિયોની સંખ્યા અધિક હતી. ભ. મહાવીરના સમકાલીન રાજા શ્રેણીકની રાજધાની રાજગૃહ હતી અને શ્રેણીક તથા તેના વંશજ જૈન હતા. શ્રેણીકનો પુત્ર કુણિક જૈન ધર્મને માનતો હતો. કુણિક પછી ઉદાયન ગાદી પર બેઠો જે જૈન ધર્મ પાળતો હતો. ઉદાયિન પછી તેના વંશજ નંદ રાજાઓની રાજધાની મગધમાં હતી. આ નંદ રાજા અને તેના બધા વંશજ જૈન હતા. આમ માનવને માટે એ પ્રમાણ મળે છે કે નંદરાજાએ કલિંગ ઉપર આક્રમણ કરીને ત્યાંથી જિનબિંબનું હરણ કર્યું હતું અને એ જ જિનબિંબને આગળ ઉપર મહામેઘવાહન ખારવેલે મગધ પર વિજય પ્રાપ્ત કરી હસ્તગત કર્યું હતું. નંદ વંશમાના છેલ્લા રાજા અનય ને ઇતિહાસપ્રસિધ્ધ ચાણક્યે પદભ્રષ્ટ કર્યો અને મૌર્યવંશની સ્થાપના કરી. મૌર્યવંશનો મહાપુરૂષ ચંદ્રગુપ્ત જૈન હતો એ વાત હવે બધા ઇતિહાસકારો માને છે. ચંદ્રગુપ્તની પછી બિન્દુસાર રાજા થયા. જો કે તે જન્મથી જૈન હતો તો પણ બુધ્ધ અને બ્રહ્મણ પીઠકોમાં તે વૈદિક બ્રાહ્મણભકત હતો તેવો નિર્દેશ મળે છે. બિન્દુસારનો પુત્ર અશોક બુધ્ધ ધર્મનો મહાન ભકત હતો જેણે બૌધ્ધ ધર્મનો શ્વેતબિંદુરામેશ્વરથી માંડીને હિમાલય સુધી પ્રચાર કર્યો હતો અને ભારતની બહાર પણ ધર્મચક્રનું પ્રવર્તન કર્યું હતું. અશોકનો પ્રપૌત્ર સમ્પ્રતિ જૈન ધર્મનો પરમભકત હતો કે જે જૈન અને ભારતના ઇતિહાસમાં અમર થયેલ છે. તેના યુગમાં જૈન ધર્મે ઉજ્વલ દિવસ જોયો હતો અને સમૃદ્ધ પણ થયો હતો.

સમ્પ્રતિની પછી કેટલાક રાજાઓ થયા. ત્યાર પછી પુષ્યમિત્ર રાજા ગાદી ઉપર આવ્યો જે શ્રમણસંસ્કૃતિનો ઉચ્છેદક હતો. બ્રાહ્મણ પુરાણોમાં તે 'કલકી' નામથી પ્રસિદ્ધ છે, અને તેને શિવનો અવતાર માનવામાં આવે છે. તેણે જૈન અને બૌદ્ધ સાધુઓને બહિષ્કૃત કર્યા અને તેઓના પવિત્ર સ્થાનોનો ઉચ્છેદ કર્યો.

બરોબર આ સમયમાં જ કલિંગ (ઓરિસા) દેશમાં ખારવેલ રાજ્ય કરતો હતો જે જૈન ધર્મનો પરમ ભકત હતો. તેણે પુષ્યમિત્ર પર આક્રમણ કરીને તેને પરાજિત કર્યો, જૈન સંઘોનું સંમેલન કર્યું અને ધર્મપ્રભાવના કરી. કદાચિત્ તેના સમયમાં જ જૈન ધર્મ દક્ષિણમાં પણ પ્રસર્યો. મહારાજા ખારવેલનો યુગ ખ્રિસ્ત પૂર્વે દ્વિતીય શતકનો પૂર્વાર્ધ મનાય છે.

ત્યાર પછી આગળ, ઉત્તર ભારતના પશ્ચિમ વિભાગના જૈન રાજ્યો તરફ આપણી દૃષ્ટિ જાય છે. ભરૂકસ (ભરૂચ)માં બલમિત્રનું રાજ્ય આ સમયમાં જ સ્થપાયું. ઉજ્જયની ના ગર્દભિલ્લવંશના રાજા દર્પણે જૈનાચાર્ય કાલકસૂરીની બહેન અડોલિયાનું હરણ કર્યું. આચાર્ય કાલકસૂરીને બલમિત્રની તરફથી આ અન્યાય નિવારણમાં કોઇ જાતની મદદ મળી નહિ. પરિણામે આર્યાચાર્યને પર્શિયા (પારિસ) જવું પડયું. ત્યાંથી તેઓ શાહરાજાઓને ઉજ્જયનીમાં લાવ્યા અને બલમિત્રની સહાય વડે પોતાની બહેનને છોડાવી. ગર્દભિલ્લને પરાજિત કરનાર આ શાહે પોતે ઉજ્જયની પર પોતાનું શાસન ચાલુ કર્યું. પરંતુ બલમિત્રે ચાર વરસ પછી ઉજ્જયિની સર કર્યું અને આ રીતે ઉજ્જયિની બલમિત્રનું રાજ્ય શરૂ થયું. કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે બલમિત્ર જ ઇતિહાસપ્રસિધ્ધ વિક્રમાદિત્ય હતો, જેના નામથી વિક્રમસંવત ગણવાની શરૂઆત કરવામાં આવી છે. આ રીતે ભ. મહાવીરના નિર્વાણ પછીથી લગભગ પાંચ શતક સુધી ઉત્તર ભારતમાં જૈનોનું અપ્રતિહત રાજ્ય રહ્યું.

જૈન આગમોમાં વિવિધ જૈન સંસ્થાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં આપણે જોઇએ છીએ કે આગમોના રચનાકાળ પહેલાં અથવા તે વખતમાં જૈન ધર્મ ભારતવર્ષના બધા ભાગોમાં પ્રસર્યો હતો. ભ. મહાવીરના સમયમાં જૈન ધર્મ માત્ર બિહાર પ્રાંત અને પૂર્વમાં અંગ, મગધ, દક્ષિણમાં, કૌશમ્બી પશ્ચિમમાં સ્થાનેશ્વર અને ઉત્તરમાં કુણાલ સુધી સીમિત રહ્યો હતો. તેનું કારણ એ હતું કે તેટલા ભાગને જ આર્યપ્રદેશ ગણવામાં આવ્યો હતો. પરંતુ રાજા સમ્પ્રતિના સમયમાં જૈન શ્રમણોના વિહાર ક્રમશઃ વધતા ગયા અને દક્ષિણ ભારતમાં આન્ધ્ર, દ્રાવિડ, મહારાષ્ટ્ર, કુર્ગ વગેરે અનાર્ય દેશોમાં પણ તેનો ફેલાવો થયો. ભ. મહાવીરના સમયમાં આર્ય દેશની સીમા મર્યાદિત હતી પરંતુ સમ્પ્રતિ રાજાના સમયમાં બીજા કેટલાક દેશો (કે જેની સંખ્યા ૨૫ છે) આર્ય દેશની અંતર્ગત માનવામાં આવ્યા જેમાં જૈન ધર્મનો પ્રચાર પણ થયો. આર્ય દેશોમાં જ નહિ, મલેચ્છ માનવામાં આવતા હતા તેવા અનેક દેશોમાં પણ જૈન ધર્મનો પ્રચાર થયો હતો જેનો ઉલ્લેખ આગમોમાં કરવામાં આવ્યો છે. મહારાજા સમ્પ્રતિની પછી તેનો વેગ ધીમો પડતો ગયો. બીજા રાજાઓનું પીઠબળ ન હોવાને કારણે જૈન ધર્મનો પ્રચાર બીજા ધર્મો જેટલો વ્યાપક થઇ ન શકયો.

દક્ષિણ ભારતમાં, ખ્રિસ્તના દશમશતકની પહેલા અનેક જૈન રાજ્યો થયા, જે ચિરંજીવી ન થઇ શકયા. ચામુંડરાય જેવા અનેક જૈન મહાપુરૂષો ત્યાં થયા અને પાંડય, ગંગ, ચૌલ, તૌલવ, બલ્લાલ વગેરે અનેક રાજકુળોના નાનાં નાનાં રાજ્યો છૂટાછવાયા સ્થપાયા, જેના વંશજ આજે પણ ત્યાં મોજુદ છે. જૈન રાજાઓ ઉપરાંત બીજા અનેક જૈન મંત્રીઓ ઉત્તર અને દક્ષિણ ભારતમાં સમય સમય પર થયા છે જેના વિચાર આ સંક્ષિપ્ત નિબંધમાં કરવો સંભવિત નથી.

જો કે ખ્રિસ્તની પછી કોઇ મહાન જૈન રાજ્ય સાર્વભૌમ રૂપમાં (ભારતમાં) સ્થપાયું નથી, તો પણ એવા, કેટલાક મહાન આચાર્ય આ મહાન કાલખંડમાં થયા છે જેમણે પોતાના બુદ્ધિ-સામર્થ્યવડે અને ચારિત્ર્યશીલતાથી રાજગુરૂનું પદ અલંકૃત કર્યું હતું. આ પરંપરામાંથી જેમનું જીવનચરિત્ર ઐતિહાસિક પ્રમાણોથી પ્રકાશમાં આવ્યું છે એવી બે વિભૂતિઓ છે. ૧–આચાર્ય હેમચન્દ્ર ૨.–આચાર્ય હિરવિજયસૂરિ.

બારમી શતાબ્દિમાં ગુજરાતમાં આચાર્ય હેમચન્દ્રજીએ ઉજ્જવલ કીર્તિ અને મહાન યશ સંપાદન કર્યા છે. તેઓ ગુજરાતના રાજા કુમારપાલના રાજગુરૂ હતા. ત્યાર પછી મોગલ સામ્રાજ્યના બાદશાહ અકબરનો કાળ આપણી નજર સમક્ષ આવે છે, જેના જીવન અને રાજ્યશાસન ઉપર આચાર્ય હિરવિજયસૂરિએ અને તેમના શિષ્યોએ અસરકારક પ્રભાવ પાડયો હતો.

ત્યાર પછીનો ઇતિહાસ આધુનિક છે, જેનાથી આપણે પરિચિત છીએ. તેમાં કોઇ પ્રભાવકારી આચાર્ય કે નેતૃત્વ કરવાવાળા જૈન મહાપુરૂષ આપણી સામે નથી. આ અવલોકનથી સ્પષ્ટ થાય છે કે એક વખત રાજ્યશાસન કરવાવાળો આ વર્ગ ધીરે ધીરે વૈશ્યવૃત્તિમાં અધિક પ્રવૃત્ત થયો અને રાષ્ટ્રજીવનના મહાન અંગથી તે વિખુટો થઇ ગયો.

જૈનોના રાજ્યશાસનનો ઇતિહાસ જોયા પછી આપણે જૈનોના દાર્શનિક અને બીજા અન્ય સાહિત્યના વિકાસનું સિંહાવલોકન કરવાનું છે. ભારતીય સાહિત્યમાં જૈન સાહિત્યનું સ્થાન ઉંચું છે. વિવિધ વિષયો પર વિવિધ ભાષામાં અને વિવિધ પ્રકારથી જૈન સાહિત્યે સેવા કરી છે. જો કે ભ. મહાવીરની પહેલાંનું કોઇ પણ સાહિત્ય અત્યારે ઉપલબ્ધ નથી, તો પણ કર્મસિધ્ધાન્તના વિવેચન પર જે સાહિત્ય છે તે ભ. મહાવીરની પહેલા રચાયું હશે. 'પૂર્વ' ના નામથી જે સાહિત્યને આપણે જાણીએ છીએ તે ભ. પાર્શ્વનાથના યુગસાહિત્યનો અવશેષ ભાગ હોવાની શકયતા છે.

ઉપલબ્ધ સાહિત્યનો સંગ્રહ કરીને તેમાંથી દાર્શનિક સાહિત્યનો ઇતિહાસ નિર્માણ કરનાર વિદ્વાન ઇતિહાસકારોએ સાહિત્યવિકાસના ચાર કાલખંડ માન્યા છે:—

(૧) આગમયુગ વિ. પૂ. ૪૭૦ થી વિ. સં. ૫૦૦.
(૨) અનેકાન્ત સ્થાપના યુગ: વિ. સં. ૫૦૦ થી વિ. સં. ૮૦૦

(૩) પ્રમાણશાસ્ત્ર વ્યવસ્થા યુગઃ વિ. સં. ૮૦૦ થી વિ. સં. ૧૭૦૦.

(૪) નવીન ન્યાય યુગઃ વિ. સં. ૧૭૦૦ થી આજ સુધી.

ઉપલબ્ધ પ્રાચીન સાહિત્યમાં આગમસાહિત્યનું સ્થાન સર્વ-પ્રથમ રહે છે. ૧૨ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પ્રકીર્ણક, ૬ છેદસૂત્ર, ૧ સૂત્રગ્રન્થ, ૪ મૂલસૂત્ર એવા ૪૫ ગ્રન્થોમાં બધું આગમસાહિત્ય આવી જાય છે, જે ભ. મહાવીરના સમયથી ૭૫૦ વર્ષ સુધી પૂર્ણરૂપથી રચવામાં આવ્યું હતું. ભગવાનના નિર્વાણ પછી ૧૬૦ વર્ષ બાદ 'પાટલીપુત્ર વાચના' થઇ અને ૫૦૦ વર્ષ પછી 'માથુરી' વાચના' થઇ. એ પ્રમાણે છઠ્ઠી વિક્રમ શતાબ્દિમાં આ સાહિત્ય આજે જે રૂપમાં આપણને મળે છે તે રૂપમાં પૂર્ણ થયું.

દીગમ્બરોનો આગમભાગ જે 'કર્મ–પ્રાભૃત'ના નામથી પ્રસિધ્ધ છે, તેની અને તેની ટીકાઓની રચના વિ. સં. ૭૩૮ સુધીમાં પુરી થઇ. જૈન સાહિત્યમાં દર્શન સાહિત્યનું જ પ્રાધાન્ય રહ્યું છે. આગમોની આ રચના પછી આ આગમો પર આધાર રાખતા એવા શ્રી. આચાર્ય કુન્દકુન્દના મહાન ગ્રન્થોની તથા આચાર્ય ઉમાસ્વાતિ કૃત તત્ત્વાર્થસૂત્રની રચના થઇ.

અનેકાન્ત સ્થાપના યુગમાં સિદ્ધસેન, સમંતભદ્ર, મલ્લવાદી, સિંહગણી વગેરે મહાન આચાર્ય થયા જેમણે જૈન ન્યાય અને દર્શનની જડ નાંખી. આ યુગમાં જ જૈન દર્શન અનેકાન્ત દર્શનના નામથી પ્રચલિત થવા માંડયું. સંમતિતર્ક અને આપ્તમીમાંસા એ બન્ને મહાન્ ગ્રન્થો આ યુગના વિકાસને પૂર્ણતયા સ્પષ્ટ કરે છે.

ત્રીજા પ્રમાણશાસ્ત્ર વ્યવસ્થાયુગે હરિભદ્ર, અકલંક, વિદ્યાનંદ, અનંતકીર્તિ, શાકૂટાયન, અનંતવીર્ય, માણિક્યનંદી, અભયદેવ, પ્રભાચન્દ્ર, વાદિરાજ, અને આચાર્ય હેમચંદ્ર જેવા પ્રખર વિદ્વાનોને નિર્માણ કર્યા.

આ કાલમાં એક વાત વિચારણીય છે કે આ યુગમાં દિગમ્બર શ્વેતામ્બર આમ્નાયોમાં જે તાત્ત્વિક ભેદ પડયો હતો તેનું સર્વ-પ્રથમ ઉચ્ચારણ જૈનાચાર્યોના સાહિત્યમાં પણ થયું હતું. વિક્રમના નવમા શતકમાં (૮૭૯–૯૩૪) શ્વેતામ્બરાચાર્ય શાકૂટાયને સ્ત્રી–મુક્તિ અને કેવલીભુક્તિ નામના સ્વતંત્ર પ્રકરણોની રચના કરી. તેનું ખંડન વિક્રમની ૧૧ મી સદીમાં દિગમ્બરાચાર્ય પ્રભાચન્દ્રે પોતાના પ્રમેયકમલમાર્તણ્ડમાં કર્યું. આનો અર્થ એમ થાય છે કે શાક-ટાયનની પહેલા આ વિવાદ ગંભીર રૂપમાં નહોતો.

નવીન ન્યાયયુગમાં આચાર્ય યશોવિજયજીની સાહિત્યસેવા ઉલ્લેખનીય છે. તેની પછીનો મહત્વનો દાર્શનિક ગ્રંથ, વિમલદાસ કૃત 'સપ્તભંગ તરંગિણી' છે. આપણા દાર્શનિક સાહિત્યક વિકાસનો સંક્ષિપ્ત ઇતિહાસ આ પ્રમાણે છે.

જો કે દાર્શનિક સાહિત્ય તરફ જૈનાચાર્યોનું અધિક લક્ષ હતું તો પણ સાહિત્યના વિવિધ અંગોને પણ તે લોકોએ સારી રીતે અપનાવ્યા હતા. પરંતુ આમાં પણ જૈન તત્ત્વોનો પ્રચાર તે તેઓનું મૂલ ધ્યેય રહ્યું હતું. પુરાણસાહિત્યનું સ્થાન દર્શનસાહિત્યની પછી આવે છે.

આ. જિનભદ્ર ગુણભદ્ર કૃત 'મહા પુરાણ' અને આ. હેમચન્દ્ર કૃત 'ત્રિષષ્ઠિશલાકા પુરૂષચરિત્ર' એ બન્ને વિશેષ ઉલ્લેખનીય છે. અન્યધર્મોના અવતારી પુરૂષોને જૈનાચાર્યોએ જૈન બનાવ્યા અને ફલસ્વરૂપ 'પઉમ ચરિય',' જૈન રામાયણ, હરિવંશ-પુરાણ, વસુદેવ હિણ્ડી, પાણ્ડવ પુરાણ વગેરે ગ્રન્થોની રચના સંસ્કૃત યા પ્રાકૃતમાં થઇ. પુરાણસાહિત્ય ઉપરાંત પ્રભાવક ચરિત્ર, પ્રબન્ધ-ચિન્તામણી, તીર્થકલ્પ જેવું પ્રબન્ધસાહિત્ય, તરંગવતી, સમરાઇચ્ચકહા, કુવલયમાલા વગેરે કથાસાહિત્ય, યશસ્તિલક ચમ્પૂ, જીવંધર ચમ્પૂ, કુરૂદેવ ચમ્પૂ, વગેરે ચમ્પુસાહિત્ય, નલવિલાસ, રાઘવાભ્યુદય, કૌમુદી મિત્રાનન્દ, દ્રૌપદી સ્વયંવર, વિક્રાન્ત ભૈરવ, અંજના પવનંજય વગેરે નાટકોનું નિર્માણ જૈન આચાર્યોએ કર્યું.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓમાં જ નહિ પરંતુ દેશીય ભાષા-ઓમાં પણ જૈન આચાર્યોએ રચના કરી. કાનડી સાહિત્યનો બહુ મોટો ભાગ જૈન કવિઓએ રચ્યો છે, અને તામિલ, તેલુગુ, હિંદી, ગુજ-રાતી, રાજસ્થાની વગેરે ભાષાઓમાં જૈનોએ વિવિધ સાહિત્યની રચના કરી છે. એ સિવાય જ્યોતિષ, વ્યાકરણ, આયુર્વેદ, ગણિત, વગેરે શાસ્ત્રો પર, તથા બીજા અનેક વિષયો પર જૈનોએ સાહિત્યની રચના કરી છે. સ્તોત્રસાહિત્યને જૈનોએ સમૃદ્ધ બનાવ્યું છે.

આ અવલોકનદ્વારા એ નિષ્કર્ષ નીકળી શકે છે,—

(૧) જૈનોએ દર્શનસાહિત્યનો વિકાસ અધિક કર્યો અને અન્ય સાહિત્યો પર પુરતું લક્ષ આપ્યું નહિ.

(૨) જૈન શ્રાવકોની સાહિત્યસેવા બહુ અલ્પ રહી કે જે એક ખાસ ત્રુટિ ગણાય.

(૩) શ્રાવકોએ સાહિત્યસેવા દેશી ભાષાઓમાં જ અધિક કરી છે.

## સામાજીક આન્દોલન

જો કે પ્રાચીનકાલથી અર્વાચીનકાલ સુધીમાં અમારા ધર્મનું નામ એક જ રહ્યું અને તેના આદર્શ તથા તત્ત્વજ્ઞાનમાં જરા પણ તાત્વિક ફેરફાર નથી થયો. તો પણ કુદરતી નિયમ પ્રમાણે તેમાં, તેના સમાજમાં, સમાજની શ્રદ્ધામાં, નિયમમાં, આચારમાં, સંસ્થા-ઓમાં, અને કાર્યક્ષેત્રોમાં ઘણું પરિવર્તન થયું છે, સદા, સર્વકાલ ભૂત અને વર્તમાન એક સરખા રહે એવી અપેક્ષા રાખવી એ પણ ભૂલ છે. અમારા અભ્યન્તર વિવાદ, બાહ્ય સ્થિતિઓનું પરિણયન અને તેનો પ્રભાવ, અન્ય ધર્મ અને સંસ્કૃતિયોનું આક્રમણ, કાલનો મહાન પ્રવાહ અને માનવસમાજની મનોરચના ઇત્યાદિ કારણોથી તેના મૂલરૂપમાં પરિવર્તન થયું છે, થઇ રહ્યું છે અને થતું રહેશે. વ્યકિતનું, સમાજનું યા રાષ્ટ્રનું જીવન ભૂતકાલને અનુસરતું રહે છે અને તે ભૂતકાલ જ તેના ભવિષ્યનો વિધાતા રહ્યા કરે છે. અમારૂં રાજકીય જીવન પ્રાચીન કાળમાં ઉજવલ હતું જે કાલપ્રવાહમાં નષ્ટ થયું. અમારા સાહિત્યનો વિકાસ એકાંગી રહ્યો. અમારૂં ક્ષત્રિય જીવન અને બુધ્ધિવાદી જીવન નષ્ટ થયું અને અમારી મનોવૃત્તિ અર્થપ્રધાન બની અમારા માટે પુરૂષાર્થનું કાર્યક્ષેત્ર સંકુચિત બન્યું. પરિણામે આજ અમારા સામાજીક જીવ-નની સુધારણા જ અમારે માટે પ્રથમ કર્તવ્ય બની ગયું છે.

આ ઉદ્દેશને સમક્ષ રાખી હવે આપણે આપણા સામાજીક જીવનનું એકવાર અવલોકન કરવાનું છે, શોધન કરવાનું છે અને ભવિષ્યને માટે તેમાં નવીન ચૈતન્ય ભરવાનું છે. આપણે સત્યશોધકની દૃષ્ટિથી ક્ષુદ્ર સાંપ્રદાયિકવાદોનો ત્યાગ કરવો પડશે, સમન્વય અને સમાધાનનો માર્ગ સ્વીકારવો પડશે. માનવતા અને રાષ્ટ્રિયતાની ભાવના વિકસાવી નવીન જીવન ઘડવું પડશે. આ ધ્યેય સામે રાખીને આપણે આપણા સામાજીક જીવનની અને તેની ત્રુટિઓની સમાલોચના કરવાની છે, તથા તેના દોષો સુધારવાનો માર્ગ શોધવાનો છે.

અપૂર્ણ

મૂળહિંદીઃ **પદ્મનાભ જૈન**

અનુવાદકઃ **વેણીબહેન કાપડીઆ**

# જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?

( ગતાંકથી ચાલુ )

## ત્યાગી સંસ્થાઓ

દુનિયાના પ્રત્યેક સમાજમાં અને દેશમાં કોઇને કોઇ સ્વરૂપે ત્યાગી સંસ્થાઓનું અસ્તિત્વ અનાદિકાળથી ચાલતું આવ્યું છે. મનુષ્યનો ભકિતભાવ અને સંસ્કૃતિવર્ધકોનું તેજ એ બંનેના સંબંધથી તત્કાલીન સમાજની કોઇ એક વ્યકિત ઉચ્ચપદને પ્રાપ્ત કરે છે, અને તે વ્યકિતના અનુગામીઓનો એક સંપ્રદાય નિર્માણ થાય છે. એવા ધર્મવીરનો માર્ગ ત્યાગમય હોય તે નિશ્ચિત વાત છે. દુનિયાના કોઇ પણ ધર્મપ્રવર્તકને જુઓ! તેનું જીવન ભૌતિક જીવનથી અલગ રહે છે, કદાચ તેને લઇને જ તે ભકિતપાત્ર બની જાય છે. આ મૂલગુરૂઓ દ્વારા ત્યાગીસંસ્થાઓ વધે છે અને તેના ભકતો-દ્વારા તે વિકાસ પામે છે. એ ત્યાગીઓનું યોગક્ષેત્ર અને જીવન-વ્યવસ્થા સમાજ તરફથી સંભાળવામાં આવે છે. મૂળ વ્યકિતની પ્રતિષ્ઠા અને સંઘનું સચ્ચરિત્ર તેના અનુયાયીઓમાં દાતૃત્વ પેદા કરે છે. આ રીતે સમાજનો ઉત્કર્ષ થાય છે અને તેનો યોગક્ષેમ ટકી રહે છે.

આવી ત્યાગીસંસ્થાઓ સમાજને અનેક પ્રકારે ઉપ-કારક હોય છે. મૂલપુરૂષના ઉપદેશનો પ્રચાર તેઓ મારફત થાય છે. ચારિત્ર્યબળના પ્રભાવથી તેમનો ઉપદેશ અસર-કારક નિવડે છે. પોતાના સંઘની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે તેઓ મૂળ સ્રોતને અને પ્રાચીનપરંપરાથી મેળવેલી વિદ્યાને સંભાળી રાખે છે. પરંતુ આ સંઘમાં એક મહાન દોષ આવી જાય છે, જે તેને માટે નુકસાનકારક નિવડે છે. સાંપ્રદાયિકતા અને પુરાણપ્રિયતા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ દૃષ્ટિ સંકુચિત થતી જાય છે અને કાળભેદથી ઉત્પન્ન થતી નવી પરિસ્થિતિ પ્રમાણે સુધારો કરવો કે મૂલ વ્યકિતથી આગળ વધીને સ્વતંત્ર પુરૂષાર્થ કરવો એ સંસ્થાના સદસ્યોને પસંદ પડતું નથી. એ રીતે આ સંસ્થા પ્રગતિશીલ બની શકતી નથી. જો કે પરંપરા સચવાઇ રહે છે, તો પણ તેનું મૂળ ધ્યેય ભૂલાઇ જાય છે. કાળના પ્રવાહની સાથે એક જ ધર્મમાં નવા નવા સંપ્રદાયો ઉત્પન્ન થાય છે અને દુરભિમાન તથા પરસ્પર દ્વેષનાં બીજ વવાતાં જાય છે.

તત્ત્વજ્ઞાનના પ્રચાર ઉપરાંત આ સંસ્થાદ્વારા થતો એક ઉપકાર કે જે સામાજિક આરોગ્યમાં વૃદ્ધિ કરે છે તે આ છે. આ સંસ્થા સમાજમાં ત્યાગવૃત્તિ અને દાનવૃત્તિનો પ્રચાર કરીને માનવતાની અભિવૃદ્ધિ કરે છે. આમ છતાં પણ સાથે સાથે સંઘના જીવનમાં જે દોષ વધે છે તે ઉપકારની અપેક્ષાએ વધારે અપકારક નીવડે છે. સમાજ જેટલો ભકિતપ્રધાન થાય છે તેટલી સાધુસંસ્થાઓ વધે છે અને આ સંસ્થામાં સ્વાર્થી લોકોની ભરતી અધિક થાય છે, અને સહેજે ભકતોપર પોતાના જીવનનિર્વાહની જવાબદારી નાંખવાની મનોવૃત્તિ પરિપકવ બનતી જાય છે. દીક્ષાના રૂપમાં જ્યારે સાધુત્વ રહેતું નથી, ત્યારે જીવનનિર્વાહ એક વ્યાપાર બની જાય છે. નિવૃત્તિમય સંઘમાં કૃત્રિમ જીવન પદાર્પણ કરે છે. કોઇ પણ જાતનું ઉત્તરદાયિત્વ ન હોવાને લીધે સંઘમાં અકર્મણ્ય વાતાવરણનું નિર્માણ થાય છે, જેનાથી એ સંસ્થા દુનિયાની દ્રષ્ટિમાં અવનત લાગે છે. પોતે દંભી બને છે અને સમાજને અંધભકત બનાવે છે.

આ પ્રક્રિયા દુનિયાના પ્રત્યેક સમાજની ત્યાગી સંસ્થાઓમાં સામાન્ય છે. જૈન સમાજને આ બાબતમાં અપવાદરૂપ સમજવાની ભૂલ કોઇ ન કરે. જૈન સમાજમાં પણ આ દોષો ગુણોની સાથે વધે છે અને આજે આપણે આપણી ત્યાગીસંસ્થાઓમાં-સાધુ અને સાધ્વીઓના સંઘમાં-આ વધતા જતા દોષો જોઇએ છીએ. જેની અંદર ધાર્મિક સંસ્કાર છે તે પ્રત્યેક વ્યકિત આજે હૃદયથી ઇચ્છે છે કે આ સંસ્થામાં સુધારો થાય, આ પરિવર્તનશીલ યુગમાં તે ઉપયોગી થાય, ભારરૂપ ન થતા કલ્યાણકારી બને. આજ આપણે આપણા સમાજના આ સંઘમાં (દિગમ્બર, શ્વેતામ્બર અને સ્થાનકવાસી) શું જોઇએ છીએ? જેણે કોઇએ આ સંઘો વચ્ચે થોડુંઘણું જીવન વિતાવ્યું છે તેણે અનુભવ કર્યો હશે કે:—

(૧) સંઘમાં એકાદબે એવી વ્યકિતઓ હોય છે જેને આદર્શ માની શકાય. અધિકતમ વર્ગ તેના પરિવારમાં પોષાય છે.

(૨) તેઓમાં જૈન દર્શનનું અપેક્ષિત ગંભીર જ્ઞાન હોતું નથી અને પર-દર્શન અને જ્ઞાનની વિવિધ શાખાઓમાં રૂચિ પણ હોતી નથી.

(૩) આ વર્ગ મોટા પ્રમાણમાં સાંપ્રદાયિક હોય છે, અને સાંપ્રદાયિકતાનું જ જોર ફેલાવે છે. શ્રાવકવર્ગમાં ભેદભાવનું બીજ આ વર્ગથી જ વવાય છે જે તરત જડ ઘાલે છે, અને ઘાતક નિવડે છે.

(૪) પોતાથી ભિન્ન વિચારવાળો મિથ્યાદૃષ્ટિ છે એમ કહેતી વખતે તેની દૃષ્ટિ આચારધર્મ પર રહ્યા કરે છે.

(૫) આ વર્ગને પ્રાચીનતાની ધુન એટલી બધી વળગેલી હોય છે કે આ વર્ગમાંથી સત્યશોધક વૃત્તિ નષ્ટ થઇ જાય છે. પ્રતિગામી વૃત્તિવાળો આ વર્ગ પૂરોગામી સમાજમાં અપ્રિય બને છે. અહંભાવના કારણે તે પ્રતિપક્ષનો બહિષ્કાર પણ કરે છે. નવદ્રષ્ટિનો અભાવ તો તેનો સામાન્યધર્મ થઇ ગયો હોય છે.

(૬) સૌથી વિશેષ ધ્યાન ખેંચે તેવો દોષ તેની અકર્મણ્યતા છે. અકાળે અનગાર બનેલ આ વર્ગનું પાલન સમાજ ભક્તિથી કરે છે, પરંતુ તેનું પ્રતિફલ તો કાંઇ પણ મળતું નથી.

(૭) ધર્મોપદેશ–સચ્ચરિત્રના સંસ્કાર આપવાની જવાબદારી આ વર્ગ પર પહેલાં હતી, પરંતુ જે રીતે માતાપિતાની સાથેનો વિદ્યાર્થીનો શૈક્ષણિક સંબંધ ઓછો થયો છે તે પ્રમાણે નીતિશિક્ષણમાં આ વર્ગની ઉપયુકતતા ઓછી થઇ છે. નવજીવનમાં નવશિક્ષણ પામેલા સમાજમાં–પોતાના ધર્મનો પ્રચાર કરવાની શક્તિ તો ભાગ્યે જ કોઇ વ્યક્તિમાં હોય છે. આ મુખ્ય કાર્ય આજે તો આ લોકોના હાથમાંથી જરૂર ચાલી ગયું છે, કારણ કે તેઓ તે સંભાળી શકયા નથી અને પરિણામે તેમનામાં અકર્મણ્યતા આવી છે.

(૮) આ રીતે અપરિપકવ, અધુરા જીવનને આદર્શ માની બેઠેલો આ વર્ગ ઉચ્ચ વ્યક્તિઓ પર શંકા લાવે છે, તેથી તેની પણ પ્રતિષ્ઠા ઘટવા માંડે છે.

તાત્પર્ય એ છે કે તે ગતિશીલ નથી અને તેથી જ તે દોષગ્રસ્ત છે. હવે પ્રશ્ન એ છે કે આપણે તેને કઇ રીતે સુધારી શકીએ? સાધુવર્ગ એમ ન માને કે સમાજનો એક વખતનો ભક્ત આજે નાસ્તિક યા ઉદ્ધત થયો છે. તે એ વાત પર વિચાર કરે કે આમ શી રીતે બન્યું?

સાધુસંસ્થામાં જ જો કોઇ સામર્થ્યશાળી હોત તો તે આગળ આવત અને પરિવર્તનશીલ દુનીયાની સાથે પોતાની સંસ્થાનો મેળ સાધત. એ રીતે તે પોતાની સંસ્થાનો ચીલો બદલીને પણ તેને સજીવ રાખત.

## તો આપણે શું કરવું જોઇએ?

(૧) સાધુસંસ્થાનું સંચાલન સમાજ પોતાના હાથમાં લઇ લે. તેમ કરવાનો અધિકાર તેને છે. એ વાત નક્કી છે કે સાધુસંસ્થાનો ઉચ્છેદ કરવો નથી. પરંતુ એક સમય એવો આવશે કે અકર્મક સંસ્થાનો ઉચ્છેદ થયા સિવાય રહેશે નહિ. આ દૃષ્ટિબિન્દુ ધ્યાનમાં રાખીને આપણે જ એ સંસ્થાને કર્મપ્રવૃત્ત કરવાનો પ્રયાસ કરવો જોઇએ. સમાજની કેન્દ્રિય વ્યવસ્થા ત્યાગનિષ્ટ વિદ્વાનોના હાથમાં રહેવી જોઇએ, અને સાધુસંસ્થાની વ્યવસ્થા સમાજના કેન્દ્રિય વ્યવસ્થાપકોના હાથમાં રહેવી જોઇએ.

(૧) સર્વે અલગ સંઘોએ એક સંઘમાં જોડાઇ જવું જોઇએ.

(૨) આ એકત્રિત થયેલ સંઘના આચાર્યની નીમણુંક સમાજની કેન્દ્રિય સભા કરે.

(૩) સંઘપ્રમુખની પરવાનગી સિવાય કોઇ પણ વ્યક્તિને ત્યાગીસંસ્થા અપનાવી શકે નહિ.

(૪) સંઘને માટે શિક્ષણની યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આવે.

(૫) વિધાયક કાર્યમાં સંઘની સેવા લેવામાં આવે.

(૬) સંઘની દરેક વ્યક્તિ બ્રહ્મચારી હોય.

આપણે સમજી લેવું જોઇએ કે માત્ર મંદિરો અને ઉપાશ્રયમાં જ પ્રવચન કરવાથી ધર્મપ્રચાર નથી થતો તેમ જ એકાંતિક તપ અને સંયમની સાધના પણ સમાજજીવનના પ્રશ્નોનો ઉકેલ કરવામાં સમર્થ નથી થતી. જીવન ત્યાગમય બનાવવું એ જ સંયમ છે અને તેને માટે ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તે જ તપ છે. આ વાત ધ્યાનમાં રાખીને ત્યાગીપુરૂષે એ સ્વતંત્ર જીવનને અધિક ઉપયુક્ત કરવું જોઇએ. આ પ્રમાણે કરવા જતાં ભલે આપણા બાહ્યઆચારમાં પરિવર્તન દેખાય. ગુમાવેલા પ્રાણની પુનઃ પ્રતિષ્ઠા કરવા માટે બાહ્ય આચારને બદલવાની આવશ્યકતા છે. સાધુવર્ગ સંન્યસ્તજીવન અંગીકાર કરે છે, તેથી તે કુટુંબની અંગત જવાબદારીઓથી મુક્ત થાય છે. પરંતુ વિશાળ કુટુંબોની જવાબદારી તેને ઉપાડવી પડે છે. સત્ય અર્થમાં તે તીર્થંકરનો શાન્તિદૂત છે એમ પોતે સમજે..

ઉપર કહ્યું તેવાં વિધાયક કામ કયા કયા છે? આપણા ભારતવર્ષમાં સૌથી વધારે આવશ્યકતા, વિધાયક કાર્યોમાં રૂચિ રાખે એવા ત્યાગવીરોની છે. શિક્ષણપ્રચાર, સ્વચ્છતા, ધાન્યોત્પાદન, વસ્ત્રઉત્પાદન, અસ્પૃશ્યતાનિવારણ, દારૂબન્ધી, નાતિજાતિમાં ઐક્ય, કલા, વિજ્ઞાન, ઇતિહાસ, સ્થાપત્ય વગેરે સાંસ્કૃતિક સેવાઓ અનેક છે, જેમાં આપણા સાધુ આનંદથી કામ કરી શકે તેમ છે.

અનેક સ્થળે જૈન પાઠશાળાઓ ચાલે છે. તેમાં ધાર્મિક શિક્ષણનું કામ તેઓ પાસેથી કેમ ન લઇ શકાય? ખેડુતોની વચ્ચે જઇ તેમને સ્વચ્છતાનું શિક્ષણ શા માટે ન આપી શકાય? આવા કાર્યો કરવાથી ત્યાગી સંસ્થાઓ ઉન્નત ન બને? ઉપાશ્રયમાં સંયમ અને ત્યાગ ઉપર પ્રવચન કરવાની સાથે સાથે જ્યાં અભક્ષ્ય આહાર થાય છે ત્યાં અને જ્યાં વ્યસનોના અડ્ડ જામે છે એવા સ્થળે જઇને પોતાના ચારિત્ર્યના પ્રભાવ વડે તેનો ઉદ્ધાર કરવાથી શું આપણી પ્રતિષ્ટા ઓછી થાય છે? દ્વેષગ્રસ્ત સમાજમાં જઇ પ્રેમભાવનાનું નિર્માણ કરવું અને અહિંસા આપણો પરમ ધર્મ છે એ સ્વાભિમાન સાથે દરેક ક્ષેત્રને અપનાવવું એ ભગવાન મહાવીરે નિર્માણ કરેલો પંથ છે. દુકાળના આવા કપરા સમયમાં, જ્યારે અનાજની ખૂબ જરૂર છે, લોકો ભૂખે મરે છે ત્યારે અહિંસાની અતિરિકતતાની મર્યાદામાં રહી યુગધર્મ પ્રમાણે અનાજના ઉત્પાદનકાર્યમાં ભાગ લેવો એ શું તેઓની ફરજ નથી? શ્રાવકો પાસેથી વસ્ત્રોનો સ્વીકાર કરવામાં વાંધો નથી તો પછી અમારા સાધુઓને પોતાનાં વસ્ત્રો બનાવવામાં શા માટે વાંધો હોવો જોઇએ? રાષ્ટ્રવ્યાપી આન્દોલન દેશભરમાં થયું ત્યારે શું તેમણે શ્રી. કાલકાચાર્યનો આદર્શ સામે રાખ્યો હતો ખરો? ન પોતે લડયા કે ન તો લડવાવાળાને તેમણે પ્રેરણા આપી. સમાજ પૂછે છે કે અમારા નિત્યજીવનમાં આ સાધુસંસ્થાનું શું સ્થાન છે? જૈન સાધુઓએ અમારા સામાજીક જીવનમા શું ઉન્નતિ કરી? તેમાં માનવતાની દૃષ્ટિ નથી રહી, રાષ્ટ્રિય ભાવના નથી રહી, દેશભરમાં જે મહાન આફતોની મહાન આંધી ચઢી આવી તે સાંભળીને અહિંસાધર્મની પ્રેરણા પામીને દુઃખી જનોને તેઓ અપનાવી શકયા નથી. ત્યારે સમાજ તેમને કેમ પૂજે? સમાજને એ ભારે દુઃખ છે કે જે ત્યાગીસંસ્થાઓ માટે તેઓ સ્વાભિમાન રાખે છે તે સંસ્થામાં એવી કોઇ વ્યક્તિ નથી કે જેના ચરણોમાં તેનું મસ્તક ભક્તિ અને પૂજ્યભાવથી ઢળી પડે, જેને પ્રાપ્ત કરીને જૈન અને જૈનેતર સર્વ કૃતાર્થતા અનુભવે. ત્યાગીવર્ગે હવે સમાજના પ્રત્યેક સ્તરની નજદીક આવવું જોઇએ, તેના પ્રત્યેક કાર્યમાં મદદ કરવી જોઇએ, તેના પ્રત્યેક સંકટમાં મદદ કરવી જોઇએ અને એ રીતે વ્યક્તિ તેમ જ સમાજ માટે તેમણે આદર્શ સેવામૂર્તિ બનવું જોઇએ. ઇતિહાસનો સંદેશ છે કે પોતાની આવશ્યકતા સિધ્ધ કરો, નિર્માણ કરો, નહિ તો જરૂર તમારો નાશ થશે. આ વાત ભૂલાવી ન જોઇએ.

અમારી સાધુસંસ્થાઓમાં જે સાધ્વીઓ છે તેને માટે પણ આ કરતાં બીજો કોઇ ઉપયુક્ત માર્ગ નથી. તે લોકો એ વાત સમજી લે કે ગૃહજીવનથી અલગ થવામાં જ પવિત્ર જીવનનો આદર્શ સમાઇ જતો નથી. સેવાભાવથી યુક્ત કર્મ કરવામાં પણ મુક્તિનો આનંદ છે, પવિત્રતા છે. ભ. મહાવીરે સ્ત્રી–જીવન ઉપર મોટો ઉપકાર કર્યો છે. હિંદુસ્તાનમાં સ્ત્રીઓની આ જાતની સંસ્થા માત્ર જૈનોમાં જ છે. બુધ્ધસમાજમાં એવી સંસ્થા હતી, પરંતુ તે ધર્મ અને સમાજ હિન્દુસ્થાનની બહાર વધારે પ્રચાર પામ્યો. વૈધવ્યથી કષ્ટમય જીવન

ગુજારતી અથવા તો સતી થવાના રીવાજનો ભેગ બનતી સ્ત્રીઓને ભગવાન મહાવીરે પોતાના સંઘમાં સ્થાન આપી પુરૂષોની જેટલો જ સમાન હક્ક આપ્યો. આજે એ સાધ્વીઓ સમાજના અને દેશના સ્ત્રીજીવનને સુધારે અને ઉપયુક્ત વિધાયક કાર્યમાં સહયોગ દે.

એમ સ્વીકારવામાં આવે છે કે ત્યાગી જીવનમાં વૈયક્તિક જીવનનો મોટો હિસ્સો રહે છે. વૈયક્તિક ઉન્નતિ, પરિણામશુધ્ધતા, એકાન્તસેવન અને ચિત્તવૃત્તિનિરોધને માટે સમાજમાં સંન્યાસધર્મ સ્વીકારવામાં આવે છે. પરંતુ સંન્યાસનો અર્થ અકર્મણ્યતા નથી. જ્યાં સુધી આ સંસ્થા સમાજ ઉપર અવલંબિત છે, જ્યાં સુધી સમાજની વચ્ચે તે રહે છે, ત્યાં સુધી સમાજજીવન પ્રત્યે તે ઋણી રહે છે અને સમાજને તેની સેવા લેવાનો હક્ક છે.

ચતુર્વિધ સંઘના પ્રથમ બે વર્ગોની સમાલોચના કર્યા પછી પછીના બે વર્ગનો વિચાર હવે કરવાનો છે. જૈન સમાજ જો કે નાનો છે તો પણ તે ઉત્તરદક્ષિણ સમસ્ત ભારતમાં નાની મોટી સંખ્યામાં પથરાયેલો પડ્યો છે. રાજકીય ઇતિહાસની સમાલોચના કરતી વખતે આપણે જોયું છે કે અન્ય અન્ય કાળમાં જૈન ધર્મના અનુયાયીઓએ સમસ્ત ભારતમાં પરિભ્રમણ કર્યું હતું અને તે સમયની ભાષા અપનાવી હતી તેમ જ રાજ્ય પણ કર્યું હતું. આજ જે જૈન સમાજ છે અને જે રીતે તે વ્યવસ્થિત છે તેની પૂર્વે જૈન સમાજની જે સ્થિતિ હતી તે અનુમાનથી જાણી શકાય છે. તે સિવાય અલગ ભાગોમાં જે બીજા ધર્મો હતા, સંસ્કૃતિ હતી, તેનો પ્રભાવ જૈન ધર્મ પર કેવો પડ્યો હશે તે પણ જાણી શકાય છે. કર્ણાટક, મહારાષ્ટ્ર, મદ્રદેશ, ગુજરાત, વિદર્ભ, રાજપુતાના, બંગાળ, યુક્તપ્રાંત, પંજાબ વગેરે સર્વ પ્રાન્તોમાં જૈન સમાજ ફેલાયેલો છે. દક્ષિણમાં જૈન સમાજ પર રામાનુજ આચાર્યનું અને લિંગાયતોનું આક્રમણ થયું. ગુજરાતમાં અને રાજપુતાનામાં તેની ઉપર વૈષ્ણવ સંપ્રદાયનો ઉંડો પ્રભાવ પડ્યો.

દક્ષિણભારતમાં આ રીતે જે જૈન સમાજ પ્રસર્યો હતો. તેણે તે દેશને પૂર્ણરૂપે અપનાવ્યો હતો. દક્ષિણમાં જૈન રાજ્ય સ્થપાયું હતું અને તેમાં જૈન પ્રધાન તથા સેનાની પણ થયા હતા. જૈન કવિ અને કવિયત્રી પણ થઇ હતી. શ્વેતામ્બર-દિગમ્બરવાદ દક્ષિણમાં કદી પણ નહોતો. શ્વેતામ્બર સમ્પ્રદાયનો દક્ષિણમાં પ્રવેશ જ થયો નથી. દક્ષિણના જૈનોમાં પ્રમુખ વર્ગ જમીનદાર છે અને બીજો વર્ગ ખેડુત અને વેપારી છે. દક્ષિણના બ્રાહ્મણો પર બ્રહ્મણોનો પ્રભાવ અધિક પડ્યો છે. તેમની સંસ્થાઓ અને રહેણી કરણીના નિયમો, પૂજાની વિધિ, શિલ્પ અને સ્થાપત્ય, ક્ષેત્રપાલ અને દેવદેવતાઓની ભક્તિ, બ્રાહ્મણવર્ગની પૂજાઅર્ચા વગેરેને જૈનોએ અપનાવી છે. દક્ષિણી બ્રાહ્મણોમાં ચાતુર્વર્ણ્યનો જાલીમ અંશ હતો તેને દક્ષિણના જૈન સમાજે પૂર્ણરૂપે અપનાવ્યો છે. જૈનોમાં પણ હોમ, પ્રતિષ્ઠા આદિ કરવાવાળા, મંત્ર તંત્ર વિદ્યા જાણવાવાળા વિશિષ્ટ સંસ્કાર કરાવવાવાળો એક વિશિષ્ટ વર્ગ છે, જે જૈનબ્રાહ્મણ કહેવાય છે. જૈન શ્રાવકો સાથે તેનો બેટીવ્યવહાર નથી. દક્ષિણના જૈનોને વૈદિક સમાજ સાથે જોરથી સામનો કરવો પડ્યો હતો અને આખરે તેમાં તેને હારવું પડ્યું હતું. તેના ક્રિયાકાંડમાં ઘણી એવી બાબતો છે જેમાં હિન્દુ સમાજની નકલ કરવામાં આવી છે. જે દક્ષિણાપથમાં કુન્દકુન્દ, સમન્તભદ્ર જેવા મહાન આચાર્યોનો જન્મ થયો તે સ્થાનમાં તે મહાન મુનિઓનું સ્થાન માત્ર વસ્ત્રધારી નહિ પણ સિંહાસનધારી ભટ્ટારકોએ લીધું. શંકર, રમાનુજ નિમ્બાર્ક વગેરે મઠોની નકલ જૈનોમાં થઇ, અને નામધારી એવા મુનિ ભટ્ટારકોના મઠ કેટલીક જગ્યાએ સ્થપાયા. આ સંસ્થાની ઉપયુક્તતા વિષે વધારે લખવાની જરૂર નથી. જ્યાં સુધી એક વ્યક્તિ ભંડારોનો અધિકારી રહે છે અને નિરંકુશ બને છે ત્યાં સુધી તેની પાસે સમાજહિતની આશા રાખવી એ ભૂલ જ છે. સમાજનું લક્ષ આ તરફ ખેંચવામાં આવ્યું છે અને તેમાં સુધારો કરવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે.

દક્ષિણભારત ઉપરાંત ઉત્તરભારતમાં પણ સર્વ જગ્યાએ જૈન સમાજ પ્રસર્યો છે. ત્યાંના જૈનોનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે અનેક વાતો નજર સમક્ષ આવે છે.

(૧) ઉત્તરભારતના શહેરી જૈનોમાં ઠીક ઠીક જાગૃતિ થઇ છે.

(૨) તેમાંથી અધિક વર્ગ સામાન્ય રીતે શ્રીમંત અને વ્યાપારી છે.

(૩) સ્થળે સ્થળે નવા મંદિરો બન્યા છે અને શિક્ષણશાળાઓ સ્થપાઇ છે.

(૪) શિક્ષિતવર્ગ થોડો હોવા છતાં અર્થપ્રધાન હોવાને લીધે, સમાજમાં તેની પ્રતિષ્ઠા અધિક છે.

(૫) દિગંબર-શ્વેતામ્બરનો સંઘર્ષ એટલો ઝેરી બન્યો છે કે અંદર અંદર જે ઝઘડા થાય છે તેણે આપણી વિધાયકશક્તિ નષ્ટ કરી નાખી છે.

(૬) આ ઉપરાંત એક ત્રીજો સંપ્રદાય (જે મૂર્તિપૂજાનો વિરોધ કરે છે) તે સ્થાનકવાસી સંપ્રદાય પણ આ ભાગમાં છે.

(૭) અર્થપ્રધાન સંસ્કૃતિ અને વૈશ્યવૃત્તિ હોવાથી આ સમાજનો નેતાવર્ગ શ્રીમંતો જ રહે છે અને તેમની ઉપર બૌદ્ધિક નિયંત્રણ ઓછું છે.

(૮) ઉત્તરભારતમાં જો કે દિગમ્બર સમાજ ઉપસ્થિત છે તો પણ તેમાં આચાર્યપરંપરાનો લગભગ ઉચ્છેદ થયો છે.

(૯) શ્વેતામ્બર તથા સ્થાનકવાસી સમાજમાં આ આચાર્યપરંપરા હજી પણ વધતી રહી છે.

(૧૦) આ પ્રમાણે ઉત્તરનો જૈન સમાજ જો કે શ્રીમાન અને પ્રતિષ્ઠિત છે તો પણ તેમાં સામ્પ્રદાયિક વિષ અધિક છે. જૈન ધર્મ અથવા અન્ય ધર્મના અભ્યાસમાં રૂચિ ઓછી છે અને એ રીતે તે પ્રતિગામી છે.

આપણા સમાજના ગુણદોષોનું નિરીક્ષણ કર્યા પછી હવે આપણે સામાજીક જીવનમાં અગત્ય ધરાવતા ખાસ પ્રશ્નોનો વિચાર કરવાનો છે. તે પ્રશ્નો આજે જ ઉભા થયા છે એમ નથી. તેની પાછળ ઇતિહાસ છે, પરંપરા છે અને લાંબો પ્રાચીનકાળ છે. હવે આપણે તે પ્રશ્નોનો વિચાર કરીએ. (અપૂર્ણ)

મૂળ હિંદી : **પદ્મનાભ જૈન.**

અનુવાદક : **વેણીબહેન કાપડીઆ.**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૯
અંક : ૨૨

મુંબઈ: ૧૫ માર્ચ ૧૯૪૮ સોમવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?

( ગતાંકથી ચાલુ )

### દિગમ્બર-શ્વેતામ્બર વાદ

ઉપર જે વિવેચન કર્યું છે તે પ્રમાણે સામાજીક પ્રશ્નોમાં દિગમ્બર શ્વેતામ્બર વાદ ખાસ સ્થાન ધરાવે છે. આજના તરૂણ અને શિક્ષિત વર્ગોમાં આ વાદની આલોચના વારંવાર થઇ ચુકી છે. તે ઉપરથી અનુમાન થાય છે કે આજનો શિક્ષિત સમાજ આ વાદથી પર રહી તેનો અંત લાવવા ઇચ્છે છે, આટલું જ નહિ પરંતુ સમસ્ત જૈન સમાજનું એકીકરણ કરવાની ઇચ્છા રાખે છે. જો કે ઉપર પ્રમાણે વિચાર ધરાવતા તરૂણવર્ગ હસ્તિ ધરાવે છે તો પણ સમાજના કર્ણધારો, ત્યાગી સંસ્થાઓ, પંડિતવર્ગ વગેરે તો સનાતન સામ્પ્રદાયિકતાથી બંધાયેલા છે અને તે સાંપ્રદાયિકતાને જ પુષ્ટ કરતા રહે છે. આ સાંપ્રદાયિકતાનો પ્રભાવ વિદ્વાનોપર પડયો છે અને સાહિત્યસંશોધકો પણ તેના શિકાર બન્યા છે. આ વાદનો અંત લાવવાની જવાબદારી હવે નવશિક્ષિત તરૂણો પર છે. જૈન સમાજનું એકીકરણ કરવું એ તેઓનું કર્તવ્ય છે. આ દૃષ્ટિથી આ વાદની સમાલોચના આપણે અહિંઆ સંક્ષેપમાં કરવાની છે. એવો કોઇ મધ્યમ માર્ગ શોધવાનો છે જ્યાં આ બન્ને વાદોનો સમન્વય થઇ શકે, અને ભવિષ્યમાં જૈન સમાજ આ ઝેરી સામ્પ્રદાયિક બંધનથી મુક્તિ પામે.

ભ. મહાવીરના નિર્વાણ પછી જૈન સમાજમાં જે મુખ્ય આન્દોલન થયા તેમાં આ બન્ને સમ્પ્રદાયોનો ઉદ્ભવ ખાસ સ્થાન ધરાવે છે. આ વાદ ક્યારથી શરૂ થયો તેનો જો કે કોઇ નિર્ણય નથી થયો તો પણ આ બાબતમાં બન્ને સમ્પ્રદાયોની અલગ અલગ દલીલો છે. બન્ને સમ્પ્રદાયોનો પ્રયત્ન પોતપોતાના સમ્પ્રદાયની પ્રાચીનતા તરફ લક્ષ ખેંચવાનો રહ્યો છે. આ પ્રમાણે પક્ષપાત હોવાથી તેમાં પૂર્ણ સત્ય હોવાની અપેક્ષા રાખી શકાય નહિ.

દિગમ્બર સમાજનું કહેવું એમ છે કે પ્રારંભથી અચેલત્વ ચાલતું આવ્યું છે અને ભ. મહાવીરની પછી સચેલત્વસમ્પ્રદાય નિર્માણ થયો કે જે તેનું ભ્રષ્ટરૂપ છે. ભ. મહાવીર પછી ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં મગધમાં જે દ્વાદશવર્ષવ્યાપી મહાન દુષ્કાળ પડયો, તે સમયે શ્રુતકેવલી ભદ્રબાહુ કર્ણાટક તરફ પોતાના સંઘને લઇ ગયા. જે લોકો મગધમાં રહ્યા તેના આચાર્ય સ્થૂલીભદ્ર હતા. આચાર્ય ભદ્રબાહુ દુકાળ પુરો થતા બાદ મગધ તરફ પાછા ફર્યા અને કે મગધમાં રહેલો સંઘ બહુ બદલાઇ ગયો છે. મગધનો મુનિસંઘ વસ્ત્રો પહેરવા લાગ્યો હતો અને આ. ભદ્રબાહુનો સંઘ અચેલક હતો. અહીંથી બે પરમ્પરા શરૂ થઇ. આ ભદ્રબાહુની પરમ્પરાએ આ સચેલક પરમ્પરાનો બહિષ્કાર કર્યો, તેમના આગમોને મિથ્યા કહ્યા અને તેનો અસ્વીકાર કર્યો. તેનો નિષ્કર્ષ એ છે કે:—

(૧) પ્રથમ અચેલત્વ હતું.

(૨) ફરી સચેલત્વ વાદ થયો. જે ભ્રષ્ટરૂપ છે.

આ ભદ્રબાહુ દક્ષિણમાં ગયા હતા. તેની સાથે ચંદ્રગુપ્ત નામનો કોઇ રાજા પણ ગયો હતો. આ વાતો ઐતિહાસિક પ્રમાણોથી સિદ્ધ છે. પરંતુ આ. ભદ્રબાહુનું શ્રુતકેવળી હોવું અને ચંદ્રગુપ્તનું મૌર્યવંશી હોવું એ બન્ને વાતો હજી સુધી સિદ્ધ થઇ નથી.

આ પ્રશ્ન પરત્વે શ્વેતામ્બર સમ્પ્રદાયનું સ્પષ્ટીકરણ એવું છે કે ભ. પ્રાર્શ્વનાથની પરમ્પરામાં સચેલત્વ હતું. ભ. મહાવીર પોતે અચેલક બન્યા હતા અને આગળ જતાં આ બંને માર્ગો પ્રમાણભૂત માનવામાં આવ્યા હતા. આનો નિષ્કર્ષ એ એ થયો કે:—

(૧) સચેલત્વ પ્રાચીન

(૨) અચેલત્વ અર્વાચીન

(૩) બંને પ્રમાણભૂત

આ પ્રમાણે જ્યારે વિવિધ સ્પષ્ટીકરણ કરવામાં આવે છે ત્યારે આપણી સામે બે માર્ગ છે.

(૧) પ્રમાણભૂત ઐતિહાસિક પ્રમાણોને માન્ય રાખવા.

(૨) વર્તમાનયુગમાં જે ઉપયુક્ત છે તેને અપનાવવા.

જૈનોના આગમ સાહિત્યની અન્તર્ગત ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩ મા અધ્યાયમાં જે "કેશિ-ગૌતમ" સંવાદ આવે છે તેમાં સચેલત્વ-અચેલત્વ બાબતમાં જે ચર્ચા થઇ છે તે ઠીક ઉપયુક્ત છે. સામ્પ્રદાયિક દૃષ્ટિનો ત્યાગ કરીને સત્યશોધન કરશું તો આપણા માટે તેમાં જે સમન્વયનો માર્ગ છે, તેને સ્વીકારી લેવામાં મુશ્કેલી નહિ પડે.

આ સાથે એક ખાસ વાત ધ્યાન રાખવા જેવી છે. બૌદ્ધ પીટકોમાં જૈન ધર્મ સંબંધી જે ઉલ્લેખ આવ્યો છે તેમાં પાર્શ્વનાથના 'ચાતુર્યામ'નો ઉલ્લેખ વારંવાર આવે છે અને આ સંબંધમાં જૈન સાધુઓનો ઉલ્લેખ "એકશાટક" શબ્દથી કરવામાં આવ્યો છે. તેના સાથે ભ. મહાવીર અચેલક હોવાનો ઉલ્લેખ પણ છે. આ સંદર્ભને ધ્યાનમાં રાખીને આપણે કેશિ-ગૌતમ સંવાદનો વિચાર કરવાનો છે. કેશિકુમાર ભ. પાર્શ્વનાથના સમ્પ્રદાયના છે અને ચાતુર્યામધર્મી છે. તે સચેલક હતા. ભ. પાર્શ્વનાથ અને ભ. મહાવીરના માર્ગમાં જે ભેદ થયો તેને માટે તેમના પ્રશ્નો અને ઉત્તર બન્ને મનનીય હોવાથી તેનો ઉલ્લેખ અહિંઆ કરવામાં આવ્યો છે.

કેશિ—

ચાઉજ્જામો અજો ધમ્મો, જોઇયો પંચસિક્ખિઓ ।
દેસિઓ વદ્ધમાણેણં, પાસેણય મહામુણિ ॥
અચેલગો અજો ધમ્મો, જો ઇઓ સંતરુત્તરો ।
એકકજ્જ પવન્નાણં, વિસેસે કિં નુ કારણં ॥
લિંગે દુવિહે મેહાવી! કહં વિપચ્ચયો ન તે ॥

ગૌતમ—

તઓ કે સિં બુવન્તં તુ ગોયમો ઇણમબ્બવી ।
પન્ના સંમિકખએ ધમ્મં તત્તં તત્ત વિણિચ્છયં ।
પુરિયા ઉજ્જુપન્ના ઉ વક્કજડ્ડાય પચ્છિમા ।
માઝિઝમા ઉજ્જુપન્ના ઉ તેણ ધમ્મે દુહા કએ ।
પુરિમાણં દુવ્વસુજ્ઝો ઉ, ચરિમાણં દુરણુપાલનો ।
કપ્પો મજ્ઝગગાણં ઉ, સવિ સુઝ્ઝો સુપાલિઓ ।
કેસિં એવં બુવાણં તુ, ગોયમો ઇણમબ્બવી.
વિન્નાણેણ સમાગમ્મ, ધમ્મ સાહણમિચ્છિયં.
પચ્ચયત્થં ચ લોગસ્સ નાણાવિહવિકપ્પણં.
જત્તાથં ગહણત્થં ચ, લોગે લિંગં પઓઅણં
અહભવે પઇન્તા ઉ મુકખસબ્ભૂય સાહણા.
નાણં ચ દંસણં ચેવ ચરિત્તં ચેવ નિચ્છએ.

કેશિકુમારના આ પ્રશ્નોનો ઉત્તર ગૌતમ ગણધરે જે રીતે આપ્યો છે, તેમાંથી આ ભેદો ટાળવાનો મંત્ર મળે છે. બાહ્ય લિંગનું મહત્વ કેટલું રહેવું જોઇએ અને બાહ્ય આચારથી આત્મસંયમનું મહત્વ કેટલું વધારે છે તેનું સ્પષ્ટ પ્રરૂપણ અહિંઆ મળે છે. ભ. મહાવીરની પહેલાં સચેલત્વ હતું એમ માનવામાં આપણને કોઇ મુશ્કેલી ન હોવી જોઇએ. અને સાથે સાથે આ માનવામાં સંકોચ ન રાખવો જોઇએ કે ગુણદ્રષ્ટિથી અચેલત્વ જ શ્રેષ્ટ છે. શ્વેતામ્બર આમ્નાયોએ જિનકલ્પી અને સ્થવિરકલ્પી બન્ને પરમ્પરાઓનું પ્રમાણ માન્ય રાખ્યું છે. ત્યારે પછી પ્રશ્ન થાય છે કે જો વસ્તુસ્થિતિ આવી છે તો આપણી વચ્ચે સામંજસ્ય કેમ જળવાઇ ન રહ્યું? અચેલત્વ શ્રેષ્ઠ માન્યું તો તેને શા માટે છોડવું જોઇએ? આનો જવાબ ગણધર ગૌતમના ઉપરના શ્લોકમાં છે. જગત પરિવર્તનશીલ છે અને પરિસ્થિતિ સદા એક નથી રહેતી. આ વાત જૈનોને કહેવાની કોઇ આવશ્યકતા છે ખરી? યુગ પ્રમાણે આપણે બદલાવું પડે છે અને કેટલાક ઉચ્ચ આદર્શોને આદર્શના રૂપમાં જ રાખવાની ફરજ પડે છે. વ્યવહાર અને સમાજની એવી કેટલીક સીમાઓ છે કે જેનું પાલન સમાજમાં રહેતાં આપણે કરવું પડે છે. દિગમ્બર જૈન સાધુસંઘનો ઇતિહાસ આપણને બતાવે છે કે વચલા સમયમાં ઉત્તર ભારતમાં દિગમ્બર મુનિઓનું અસ્તિત્વ નહોતું. આ પરંપરાનો ત્યાં ઉચ્છેદ થયો હતો. દક્ષિણમાં આ પરંપરા ઘણા લાંબા સમય સુધી જીવિત ન રહી શકી. મુસલમાન અને અન્ય હિંસાપ્રધાન સંસ્કૃતિનું આક્રમણ ઉત્તર ભારતમાં થયું અને ફલસ્વરૂપ આ પરંપરાનો ઉચ્છેદ થયો. નહિ તો ઉત્તર ભારતમાં આટલા દિગમ્બરો હોવા છતાં દિ. મુનિઓની પરંપરા શા માટે નષ્ટ થાય? દક્ષિણમાં પણ ભટ્ટારકોની ગાદીઓ કેવી રીતે સ્થપાઇ?

જૈન સમાજે વ્યવહારુ બનવું જોઇએ. પદની પ્રતિષ્ઠા માન્ય રાખવી એ અલગ વાત છે અને વ્યવહારમાં તેની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવું એ જુદી વાત છે. આજના દિગમ્બર આમ્નાયમાં ૫૦ વર્ષ પહેલાં આ. શાન્તિસાગરજીએ ફરીથી આ પરમ્પરાનો ઉદ્ધાર કર્યો હતો. પૂ. આચાર્યજી પ્રત્યે આદરભાવ રાખવા છતાં પણ આપણે એ સ્વીકારવું પડશે કે અચેલત્વસમ્પ્રદાય આજના યુગમાં પ્રયોજનકારી નથી થયો. જો કોઇ વિધાયક કાર્ય સાથે આપણી મતલબ હોય તો આદર્શને ઉચ્ચ માનવા છતાં પણ તેને સામાજિક રૂપ આપવું અને વ્યવહારમાં અતિરેકતાનો ત્યાગ કરવો એ જરૂરી છે.

શ્વેતામ્બર સાધુઓ વિષે પણ આ સંબંધમાં કહેવાની જરૂર છે. 'એક શાટક' રહેવાની પરમ્પરા તો ક્યારની ચાલી ગઇ છે. આજ તો નિષ્કારણ પરિગ્રહ તેમાં વધ્યો છે. તેમાં નિયમન હોવું જ જોઇએ. તેણે જો સમાજમાં ઉપયોગી બનવું હોય તો નિઃસંશય પરિગ્રહનું પ્રમાણ ઓછું કરવું જોઇએ યા તો સીધી રીતે શ્રાવક સંસ્થામાં શામેલ થઇને પોતે અધિક ઉપયુક્ત બનવું જોઇએ.

આ પ્રશ્નની ચર્ચાથી આપણે એમ ઇચ્છીએ છીએ કેઃ—

(૧) ગુણ દૃષ્ટિથી અચેલત્વ શ્રેષ્ટ છે.

(૨) વર્તમાન યુગમાં વસ્ત્રધારણ યોગ્ય છે.

(૩) વસ્ત્રધારણમાં અવશ્યક સીમા રાખવી જરૂરી છે.

એ દૃષ્ટિ રાખીને આપણા નેતાઓ સમજે કે આ બન્ને સમ્પ્રદાયોના ભેદ હટાવી બન્નેને એક કરવાની આવશ્યકતા છે. શ્રાવકોમાં આવો ભેદ ઉપયુક્ત નથી કારણ કે શ્રાવકો તો "દિગંબર" છે જ નહિ.

## મૂર્તિપૂજા

બીજો પ્રશ્ન મૂર્તિપૂજા સાથે સંબદ્ધ છે જેનું પરિશિલન થવાની આવશ્યકતા છે. મૂર્તિપૂજા વિષે અને મૂર્તિના સ્વરૂપ વિષે જ્યારથી ઝગડો શરૂ થયો છે ત્યારથી જૈન સમાજના પૂર્વસ્થિત બે સમાજોનો વિવાદ કટુ બન્યો છે અને એક નવો પક્ષ આ સંઘર્ષમાંથી નિકળ્યો છે.


ભારતમાં મૂર્તિપૂજા કયારથી શરૂ થઇ તેનો ઇતિહાસ ઉપલબ્ધ નથી, તો પણ જૈન આગમોમાં જે "ચૈત્ય" શબ્દ આવે છે તેમાંથી શબ્દશાસ્ત્રીઓએ એ સ્પષ્ટીકરણ કર્યું છે કે ચૈત્ય શબ્દમાં મૂલ શબ્દ ચિતા છે. મૃત લોકોની ચિતા પર ચબુતરા નિર્માણ કરવા, સ્મૃતિચિન્હના રૂપમાં તેનાં ચરણશિલાપર અંકિત કરવા આ તેનું મૂળ રૂપ છે. જૈન તીર્થંકરોના જે સર્વમાન્ય નિર્વાણક્ષેત્ર છે તેનાં ચરણો જ અંકિત છે. મૂર્તિઓ તો પછી સ્થાપિત કરવામાં આવી છે. એ વખતની જે મૂર્તિઓ ઉપલબ્ધ છે તે સર્વે નિર્ગ્રન્થ છે, અલંકાર રહિત છે. એમ હોવું તે સ્વાભાવિક છે. અમારામાં જે અભિષેકવિધિ અને મંદિરોમાં અલંકારોની ભરતી આવી તે બધું અન્ય ધર્મોના પ્રભાવનું પરિણામ છે. પૂજા વખતે જે મંત્રોનું સ્મરણ કરવામાં આવે છે તે મન્ત્ર, દશદિકપાલની કલ્પના અને હોમહવનાદિક વગેરે વૈદિક છે. જેમણે વેદનો અભ્યાસ કર્યો છે તેમને આ સમજાવવાની આવશ્યકતા છે જ નહિ. વૈષ્ણવોમાં રાધાકૃષ્ણની સાલંકાર પૂજા થતી હતી, તેનું અનુકરણ શ્વેતામ્બર સમાજમાં થયું અને નિર્વસ્ત્ર મૂર્તિઓને મુગટ ચઢાવવો, નેત્ર લગાડવાં વગેરે વિધિનો પ્રચાર થયો. તેમાં વીતરાગ મૂર્તિ ઉપર અન્યાય થાય છે અને ભકિતનું પ્રદર્શન થવાને બદલે અર્થનું પ્રદર્શન થાય છે આટલી સમજણ પણ આપણામાં દેખાતી નથી. જે મંદિરોમાં બંને જાતની પૂજા કાયદાનાં બળ ઉપર થાય છે ત્યાંની મૂર્તિઓને કોઇ જૈનેતર એકવાર જઇને જુએ તો તે જૈનોને કલાવિહીન પ્રાણીઓ સમજે.

"દેવાગમ નભોયાન ચામરાદિ વિભૂતયઃ।
માયાવિષ્વપિ દૃશ્યન્તે નાતસ્ત્વમસિ નો મહાન્॥

એવું કહેવાવાળા આપણા આચાર્યો કયાં અને આવા બાહ્ય આડંબરોમાં ગર્વ અને દ્વેષ વધારવાવાળા આપણે કયાં? પ્રત્યેક વિચારશીલ જૈને આવી પદ્ધતિનો ત્યાગ કરવો જોઇએ. યાદ રાખવું જોઇએ કે ૫૦૦ વર્ષ પહેલાં ક્રાન્તિવીર લોકાંશાહે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો અને નવો પક્ષ સ્થાપ્યો. મૂર્તિપૂજા થોડી હદ સુધી જરૂર ઉપયોગી છે, પરંતુ તે નિર્દોષ હોવી જોઇએ. અચેલત્વનો આદર્શ જો ઉચ્ચ છે અને શ્વેતામ્બરો પણ જો તે આદર્શને માને છે, અને એમ છતાં જો કે વ્યવહારિક દૃષ્ટિથી આપણે પૂર્ણ અપરિગ્રહી બની શકતા નથી તો પણ એટલું તો હોવું જ જોઇએ કે એ આદર્શને આપણે કલંકિત ન કરીએ અને દુનિયામાં આપણી ક્ષુદ્રતાનું પ્રદર્શન ન કરીએ. આ બાબતમાં આપણે જે સમજુતી કરવાની છે તે સંબંધમાં નીચેની બાબતો પર આપણે ધ્યાન રાખવું જોઇએ.

(૧) મૂર્તિપૂજાને આવશ્યક માનવી ન માનવી એ વ્યક્તિગત પ્રશ્ન છે; કારણકે વ્યક્તિની યોગ્યતા પ્રમાણે તેનો ઉપયોગ છે.

(અનુસંધાન પૃષ્ટ ૨૩૦ જુઓ)



## જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?

(પૃષ્ટ ૨૨૨ થી ચાલુ)

(૨) જ્યાં ચરણોની સ્થાપના પૂર્વકાલથી છે ત્યાં કોઇ નવું મંદિર ન બાંધે.

(૩) કોઇ પણ આભરણ મૂર્તિપર ચઢાવવામાં ન આવે.

(૪) નિર્ગ્રન્થમૂર્તિને બન્ને માને, જે રીતે પહેલાં પણ માનતા હતા.

(૫) બન્નેના અલગ મંદિર અથવા તો ભંડાર ન રહે.

(૬) બન્ને સમાજના ગુરૂવર્ગનો નિવાસ એક જ રહે.

(૭) સ્થાનકવાસી સમાજ પણ કોઇએ મૂર્તિપૂજા માનવી યા ન માનવી તે તેના અધિકાર ઉપર છોડે.

### આગમ ગ્રન્થોનું પ્રામાણ્ય

સચેલ અને અચેલવાદ તથા મૂર્તિપૂજા વગેરે વાદો પછી આપણા વિવાદનો ત્રીજો વિષય આગમ છે. પહેલાં આપણે જોઇ ગયા છીએ કે આચાર્ય ભદ્રબાહુના સંઘે, ઉત્તરભારતમાં જે જૈન સંઘે આગમોની રચના કરી હતી તેનો બહિષ્કાર કર્યો હતો. જૈન સમાજના એક પ્રાચીન સાહિત્યના સંગ્રહનો આ રીતે બહિષ્કાર થાય એ ભારે આશ્ચર્યજનક છે અને તે માટે એવું જ કોઇ મહત્ત્વપૂર્ણ ગંભીર કારણ હોવું જોઇએ એમ લાગે છે. દિગમ્બર શ્વેતામ્બર વાદ કેવીરીતે શરૂ થયો તેનો જો કે હજુ સુધી ફેંસલો આપણે નથી આપ્યો તો પણ આ બાબતનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે એમ પ્રતીત થાય છે કે ઉત્તરભારતમાં જે સંઘ રહ્યો તેમાં અને દક્ષિણ ભારતમાંથી જે સંઘ આવ્યો તેમાં જરૂર થોડું અંતર હશે.

"એકશાટક" પ્રથા ભ. મહાવીરની પહેલાં હોવાનો આપણે સ્વીકાર કરીએ છીએ તો પણ તેનો અર્થ એવો નથી કે તેણે વસ્ત્રની સાથે બીજાં ઉપકરણ, અધિક વસ્ત્ર અને અન્ય પરિગ્રહ ન રાખ્યો હોય. આ. ભદ્રબાહુના સંઘે આ અતિરેકતા દેખી હશે ત્યારે તેનો ત્યાગ કર્યો હશે અને ત્યારે આગમ ગ્રંથોનો પણ બહિષ્કાર કર્યો હશે.

આ હવે ઐતિહાસિક પ્રમાણોથી સિદ્ધ થયું છે. દિગમ્બરોના આગમ (ષટ્ખંડાગમ ઇત્યાદિ) શ્વેતામ્બરોના આગમોની રચના પછી રચાયા છે, તેનો નિષ્કર્ષ એ નિકળે છે.

(૧) આ. ભદ્રબાહુનો સંઘ દક્ષિણભારતમાંથી પાછો આવ્યો તે પહેલાં જ આગમોની રચના આ. સ્થૂલભદ્રજીએ કરી હતી.

(૨) આ. ભદ્રબાહુનું આગમન જ્યારે ઉત્તરભારતમાં થયું ત્યારે તેમણે આ. સ્થૂલભદ્રના સંઘને 'એકશાટક'થી પણ અધિક પરિગ્રહયુક્ત જોયો અને બન્ને સંઘમાં ભેદ પડયો.

(૩) આ. ભદ્રબાહુના સંઘે તેમનો બહિષ્કાર કર્યો.

(૪) આ. ભદ્રબાહુના શિષ્યોએ ષટ્ખંડાગમ આદિ ગ્રન્થોની રચના કરી જે દક્ષિણમાં રહી.

(૫) આ. સ્થૂલભદ્રપરંપરાના આગમ માત્ર ઉત્તરભારતમાં જ રહ્યા.

આ જાતનો ભેદ આજ સુધી રહ્યો છે અને તેણે આપણી વચ્ચે એક મહાન ભયંકર એવું સામ્પ્રદાયિક ઝેરી બીજ વાવ્યું છે.

થોડા વર્ષો પહેલા આપણા જીવનમાં એક એવો પ્રસંગ ઉપસ્થિત થયો હતો, જેણે આપણી પરસ્પર પ્રેમભાવનાની કસોટી કરી હતી. ખેદની વાત છે કે આપણે આપણી ક્ષુદ્ર સામ્પ્રદાયિકતાનું પ્રદર્શન પરધર્મીઓની સામે કર્યું. પ્રસિદ્ધ બૌદ્ધ પંડિત સ્વ. ધર્માનંદ કૌશમ્બીજીએ આગમોમાંથી થોડાક પાઠ ઉધ્ધૃત કર્યા અને તેમાં માંસાહારનો ઉલ્લેખ છે એવું તેમણે સિદ્ધ કર્યું. તેનાથી જૈન સમાજનું વાતાવરણ કેટલાક દિવસો સુધી બહુ ગરમ રહ્યું અને તેમની વિરૂદ્ધ ખૂબ જોરમાં હીલચાલ ચાલી. આમ બને એ સ્વાભાવિક હતું, પરંતુ તેનો યોગ્ય ઉત્તર આપવાનું સાહસ કોઇએ ન કર્યું. દિગમ્બર જૈન સમાજના કેટલાક વિદ્વાનોએ એમ જાહેર કર્યું કે આ ઉલ્લેખો શ્વેતામ્બર આગમોમાં છે અને આ શ્વેતાંબર આગમો જ પ્રમાણભૂત નથી અને તેથી અમારા ભ. મહાવીર માંસાહારી નહોતા. આપણે માની લઇએ કે શ્વેતામ્બરોના મહાવીર દિગમ્બરોના મહાવીરથી જુદા હતા, એમ છતાં પણ દુનિયાની સામે આપણે આપણું જે પ્રદર્શન કર્યું તે તો ખરેખર નિન્દનીય હતું. જૈનધર્માભિમાનીઓનું કર્તવ્ય હતું કે તેનું યોગ્યરૂપે સ્પષ્ટીકરણ કરે. જેમાં આપણી ઇજ્જતનો પ્રશ્ન હતો, તેમાં પણ આપણે સામ્પ્રદાયકતાથી કામ લીધું. આ કેટલા દુઃખની વાત છે? આપણ અનેકાન્તવાદી કહેવાઇએ છીએ, અને સમસ્ત દુનિયાના ધર્મોનો સમન્વય કરવામાં પ્રતિષ્ઠા સમજીએ છીએ. સાન્તાનન્તનો વાદ, નિત્યાનિત્યનો વાદ, રૂપી અરૂપીનો વાદ, ભેદાભેદનો વાદ એ સર્વે વાદોની ચર્ચા કરવામાં આપણે આપણો સમય અને શક્તિ ખરચીએ છીએ. એ અનેકાન્તવાદનો શું ઉપયોગ છે જે કોઇ પણ ગ્રન્થના વિના અભ્યાસે બલાત્કારે બહિષ્કાર કરતી વખત અમને સદ્બુદ્ધિ ન આપે? એ અહિંસાવાદનો શું ઉપયોગ છે કે જે અમારી વચ્ચેના વિદ્વેષને બુઝવી ન શકે? એ સામ્યવાદની કઇ પ્રતિષ્ઠા છે કે જે વાણીશૌર્યમાં જ પોતાને શ્રેષ્ઠ સમજવાવાળા એવા આપણને નમ્ર ન બનાવે અને એ મહાવીરનો જયજયકાર બોલવાનો પણ શું અર્થ છે કે જે ભ. મહાવીરની પ્રતિષ્ઠાને હાની પહોંચે એવે સમયે પણ સામ્પ્રદાયિકતાનો નાશ ન કરી શકે? આપણે સત્યશોધક બનવું જોઇએ. પ્રાચીનતાથી આગળ વધીને, આપણા પૂર્વજોએ જે કર્યું છે તેમાં સુધારો કરીએ અને આપસ આપસમાં પ્રેમ રાખીએ. સ્ત્રી સ્વતંત્ર હતી કે નહિ આવા વિવાદથી શું ફાયદો? આ વાદ બુદ્ધિને સંતોષવા

માટે આપણે કરતા નથી; પરંતુ આપણી સામ્પ્રદાયિક શ્રેષ્ઠતા વધારવા માટે જ કરીએ છીએ. આ વિષયમાં વ્યક્તિગત વિચારભિન્નતા સમજીને તેમાં જે સંકુચિત મનોવૃતિ આવે છે તેનો ત્યાગ કેમ ન કરીએ? આગમસાહિત્ય પ્રાચીન છે, આપણા પ્રાચીનતમ જીવનનો એ ઇતિહાસભંડાર છે, તેને આપણે અપનાવવું જોઇએ. પરંતુ કેટલા એવા વિદ્વાનો છે કે જેણે આ આગમસાહિત્ય વાંચ્યું હોય? વાંચ્યા પહેલાં જ તેને અપ્રમાણ કહેવું એ તો ગર્વ છે, દ્વેષ છે. આપણા સમાજના સમજુ લોકોનું એ પ્રથમ કર્તવ્ય છે કે આગમોનું પ્રામાણ્ય જાહેર કરે. શ્વેતામ્બર સંપ્રદાયે પણ દિગમ્બરના આગમોના પ્રામાણ્યનો પૂર્ણતયા સ્વીકાર કરવો જોઇએ. સ્થાનકવાસી સમાજે આગમોના થોડા ભાગનો ત્યાગ કર્યો છે તે ઉચિત નથી. જૈન સમાજની એકતા સ્થાપન કરવા માટે નીચેની બાબતોને આપણ સર્વેએ અપનાવવી જોઇએ.

(૧) શ્વેતાંબરીય લેખાતા આગમ ગ્રન્થોનું પ્રામાણ્ય સ્વીકારવામાં આવે.

(૨) શ્વેતાંબર સમાજ પણ દિગમ્બર ગ્રન્થોને અપનાવે.

(૩) સ્થાનકવાસી પણ આ બન્નેનું અનુકરણ કરે.

(૪) જે વિષય પર વિવાદ છે તેનું શોધન બધાં મળીને કરે અને તે વાદના વિષયો આચાર્યોનો વૈયક્તિક મત સમજે.

(૫) 'જિનાગમ'ની પૂજામાં સર્વ આગમ ગ્રન્થો એકત્રિત રહે.

આમ કરવાથી આપણને સમજાશે કે આજ જે આગમ સાહિત્ય અપૂર્ણ લાગે છે તે જ ત્યાર પછી પૂર્ણ દેખાશે. શું એ આશ્ચર્યની વાત નથી કે એક સંપ્રદાય પાસે જે છે તે બરાબર બીજાની પાસે નથી? જો આપણે એક થવું હોય તો એ આવશ્યક છે કે પોતાની જીદ છોડીને સૌ મુક્ત હૃદયથી એક બીજાને અપનાવે.

ઉપર ત્રણ વિષયો પર જે વિચાર રજુ કર્યા છે તે ભલે દોષપૂર્ણ હોય તો પણ કોઇ મધ્યમ માર્ગ અપનાવવાની જરૂર તો છે જ ઓછો વધતો ત્યાગ કરીને પણ આપણે એક ભૂમિકાપર આવવું તો પડશે જ. આ બધું ત્યારે જ બની શકે તેમ છે કે જ્યારે આપણે સૌ એકત્ર થઇ જૈનત્વના શુદ્ધ રૂપને અપનાવીએ.

## સ્વતંત્ર ભારતમાં જૈન ધર્મ અને સમાજ

અહિંઆ સુધી આપણા પ્રસ્તુત નિબંધનો જે ભાગ સમાપ્ત થાય છે, તેમાં આપણે આપણા પ્રાચીન ઇતિહાસનું સિંહાવલોકન કર્યું, આપણી વર્તમાન પરિસ્થિતિનું અવલોકન કર્યું અને આપણા પરંપરાગત પ્રશ્નોની પર્યાલોચના કરીને તેના સમન્વયની બાબતમાં વિચાર કર્યો. હવે આપણે આપણા ભવિષ્યકાળના જીવન વિષે વિચાર કરવાનો છે. આ ભવિષ્યકાળ સમીપ છે અને તેના તરફ આપણે મહાન્ વેગપૂર્વક ખેંચાઇ રહ્યા છીએ. જે સમાજ અને વ્યક્તિ દુનિયાની સાથે ચાલતી નથી તેનું આજ મૃત્યુ છે. જે મહાન પ્રસ્થાનમાં પાછળ રહ્યો તેનું વર્તમાન નષ્ટ થયું છે અને તેને માટે ભવિષ્યકાળ નથી. આ પ્રગતિશીલ દુનિયામાં વિકાસશીલ મનુષ્યોને જ દુનિયા ઓળખે છે. હવે આપણે આ તરફ દૃષ્ટિ રાખીને વિચાર કરવાનો છે અને આઝાદભારતને ઉપર ઉઠાવવાનું છે. આપણી પોતાની જાતને ઉચ્ચ બનાવીને એ દિવ્ય આનંદમાં પૂર્ણરૂપથી સહયોગ દેવાનું જે રીતે શક્ય હોય તે માર્ગ આપણે શોધવાનો છે. આપણી બધી ચેતનશક્તિઓ, આર્થિક બળ, નૈતિક સંસ્કૃતિ અને ઉચ્ચ તત્ત્વજ્ઞાન એ રીતે એકત્ર કરવું પડશે કે જેના પરિણામે દુનિયાની પ્રત્યેક વ્યક્તિ તીર્થંકર બને. આ બધું જો આપણું સાધ્ય હોય તો તેનું એકમેવ પ્રથમ સાધન આપણું સંગઠ્ઠન છે. આ રીતે જે એકતા સ્થાપવાની છે, તે કોઇ સામ્રાજ્ય સ્થાપવા માટે અથવા તો દુર્ગો ઉપર આક્રમણ કરવા માટે નથી. એકતા સ્થાપવાનું મૂળ ધ્યેય એટલું જ છે કે સર્વે સાથે ચાલે, સર્વનું ચિન્તન એક હોય, સર્વનું સુખદુઃખ એક હોય, સર્વના પ્રાણ અને પ્રતિષ્ટા એક હોય, સર્વનો જય અને જયઘોષ એક હોય, સર્વનો ઉત્સાહ અને ઉમંગ એક ધ્યેયને માટે હોય.

જૈન સમાજમાં આજસુધી સંગઠ્ઠન માટે બહુ પ્રયત્નો કરવામાં આવ્યા છે એમ કહેવામાં આવે છે. પરંતુ અત્યાર સુધી જેને સંગઠ્ઠન કહેવામાં આવે છે તે સદોષ હતું, અર્થાત્ વિરોધી દળ ઉપર આક્રમણ કરવાના ઇરાદાથી સૈન્ય એકત્રિત કરવામાં આવે છે એ પ્રકારનું તે સંગઠ્ઠન હતું. આપણી સંસ્થાઓ જુઓ!–જૈન બોર્ડીંગમાં પણ હજારો ભેદ–શ્વેતામ્બર બોર્ડીંગ યા દિગમ્બર બોર્ડીંગ, સ્થાનકવાસી બોર્ડીંગ યા મૂર્તિપૂજક બોર્ડીંગ. આપણાં મંદિરો જુઓ! ગ્રન્થભંડારો જુઓ! ઉપાશ્રયો જુઓ! ગ્રંથમાળાઓ જુઓ! ગુરૂકુળ જેવા ઉચ્ચ નામને ધારણ કરવાવાળી સંસ્થાઓ જુઓ! સંઘ જેવાં નામને અપનાવવાવાળા સ્વયંસેવક દળો જુઓ! ભારતવર્ષની સંસ્થાઓ જુઓ! દરેક જગ્યાએ, દરેક સંસ્થાગાં પ્રત્યેક સમુદાયમાં આ ભેદ છે. શું આપણે પરસ્પર વિરૂધ્ધ સંસ્કૃતિનાં સન્તાનો છીએ? આપણા પ્રશ્નો સમાન નથી? આપણા ભગવાન એક નથી? આપણા આચાર્યો માટેનો ભક્તિભાવ સમાન નથી, કે જેથી આપણે દ્વૈતભાવનું ઝેરી બીજ વાવીએ છીએ અને તેને શ્રીમંતોના સામ્પ્રદાયિક ધનવરસાદથી વધારીએ છીએ અને તેનાં ફળને અતિ આરોગ્યદાયી સમજીએ છીએ? તરૂણ જૈન સમાજ પર આજે ફરજ આવી પડી છે કે તે આવા ભેદોને દૂર હટાવે. આપણે હવે એ પ્રયત્નો કરવા પાછળ મંડી પડવું જોઇએ, અને સમાજના અધિકારીવર્ગ પાસે માંગણી કરવી જોઇએ કે ભારતવર્ષની સભાઓ એક હોય, આપણી શિક્ષણ-સંસ્થાઓ પ્રત્યેક જૈન માટે ખુલ્લી હોય, આપણી આર્થિક શક્તિ સર્વના ઉપયોગમાં આવે અને એક ધ્યેય, એક સંસ્થા એક આચાર, એક વિચાર અને એક નેતા આપણા માટે રહે. "સર્વે જૈન એક" એ ભાવના આપણામાં દૃઢ થવી જોઇએ, અને જ્યાં સુધી શરીરમાં રક્તનું એક બિંદુ હોય, તેમજ મનમાં ઉમંગની ધારા હોય ત્યાંસુધી એ ભાવના નષ્ટ ન થવી જોઇએ. એમાં જ ભ. મહાવીર પ્રત્યેની ભક્તિ છે, અનેકાન્ત છે, અને એમાં જ આપણો અહિંસાધર્મ મૂર્તિમન્ત થાય છે. એ ભાવના મૂર્તિમન્ત થાય ત્યારે જ આપણા ધર્મમાં વિશ્વધર્મ હોવાની શક્યતા ઉભી થવાની છે. નવી દુનિયાનો એક જ સંદેશ છે કે એક થાઓ, સંગઠિત થાઓ, સમાન થાઓ, અને પ્રગતિશીલ રહો. આપણી સામે જે મહાન પ્રશ્ન ઉપસ્થિત થયો છે તેને ઉકેલવા માટે સંગઠિત થવાની ખાસ જરૂર છે. માત્ર શ્રીમન્ત હોવું એમાં જ પ્રતિષ્ઠા નથી. આપણા સમાજની ભીતરમાં પહોંચો, સ્ત્રીજીવન તરફ જુઓ અને ગામડાઓમાં જઇને જુઓ કે ત્યાં જે જૈન કહેવડાવે છે તે સાચેસાચ જૈન છે? આજે જૈન સમાજમાં એવા કેટલા વિદ્યાર્થીઓ અથવા તો સેવકો છે કે જેણે જૈન સમાજના આ સ્તરને જાણ્યો હોય? ખેતી કરવાવાળો આ સમાજ, વ્યાપાર નહિ કરતો એવો મધ્યમ જીવન વિતાવવાવાળા અન્ય જૈન સમાજ–કોઇએ જોયું છે તેનું દુઃખ, તેની અજ્ઞાનતા અને તેની મૂઢતા? અને કોઇ દિવસ અનુભવ્યું છે કે આ વર્ગ ગરીબ છે, અશિક્ષિત છે, અન્ય સમાજમાં તે ધીરે ધીરે પ્રવિષ્ટ થવા લાગ્યો છે, તે અન્ય ધર્મને અપનાવી રહ્યો છે અને પોતાની જાતને જૈન તરીકે ઓળખાવતાં શરમાય છે? આપણા સમાજમાં સ્ત્રીજીવનને ઘરની ચાર દીવાલોમાં પુરી દેવામાં આવ્યું છે અને બાહ્ય હવાથી તથા સ્વચ્છ જીવનથી તેને વિમુખ કરવામાં આવ્યું છે. જરા પણ પ્રગતિ કર્યા વગર જેવી જન્મે છે તેવી જ તે ચાલી જાય છે. જોયા છે તે ધનવાનોને કે જે પોતાના ધનને શિલામૂર્તિઓમાં બદ્ધ કરે છે, પોતાનો કીર્તિ-સ્તંભ રોપે છે અને પૈસાના જોર પર કીર્તિ કમાય છે? જો આપણે આ પરિસ્થિતિ સુધારવી હોય તો આપણે એકત્રિત થવું જોઇએ, સમાજના પ્રશ્નોમાં રસ લેવો જોઇએ, સમાજની રૂઢિઓને તોડવી જોઇએ, ત્યાગી સંસ્થાઓમાં પરિવર્તન નીપજાવવાની હિંમત રાખવી જોઇએ અને સ્વાર્થત્યાગથી સદ્‌બુધ્ધિપૂર્વક પોતે આ માર્ગમાં ઝુકાવી દેવું જોઇએ.

માત્ર આર્થિક સુદૃઢતાથી આપણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકીશું એમ સમજવું ભૂલભરેલું છે. જ્યાંસુધી બુદ્ધિનો વિકાસ નથી થયો, મન સંસ્કારી નથી બન્યું, જ્ઞાનપ્રાપ્તિ માટેની ધગશ ઉભી નથી થઇ ત્યાં સુધી દુનિયા આપણને ઓળખવાની નથી. હૈદ્રાબાદના નીઝામ કરોડપતિ છે, પરંતુ તેથી તેણે કાંઇ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે ખરી? મારવાડી સમાજે સોનાના ઘરેણાં ચઢાવે છે પણ તેથી તેને કદિ માન મળ્યું છે ખરું? છે કોઇ વિવેકાનંદ, રામતીર્થ, રાધાકૃષ્ણ જેવા આપણામાં છે કે જે આમ દુનિયામાં ચૈતન્યનું સૃજન કરે? છે કોઇ રવીંદ્ર આપણા સમાજમાં છે કે જેણે આનંદયાત્રા કરી હોય? છે કોઇ મહાન વિદ્વાન, મહાન વૈજ્ઞાનિક, સાહિત્યક, કવિ, કલાકાર, દેશભક્ત, સ્વાર્થત્યાગી વીર હુતાત્મા યા સેવાભાવી આત્મા? શા માટે નથી તેનો કોઇ દિવસ વિચાર કર્યો છે? પોતાની ત્રુટિઓ જોઇને આપણે કદિ શરમ અનુભવી છે?

જો તે ત્રુટિ આપણે સુધારવી હોય તો શિક્ષણપ્રચાર કરો. કેવળજ્ઞાનનો મહિમા ગાવાવાળા અને ભ. મહાવીરની સર્વજ્ઞતા પર વાદ મચાવવાવાળા જૈન સમાજમાં એક પણ બુદ્ધિશાળી એવી વ્યક્તિ નથી કે જેની સામે દુનિયાનું માથું ઝુકે. આ એ એક ચિન્તનીય વાત છે. આપણે ઇચ્છીએ કે આપણો સમાજ શિક્ષિત હોય, દુનિયાના વિવિધ જ્ઞાનને પચાવવાનું તેનામાં સામર્થ્ય હોય, એવી કોઇ પણ શાખા ન રહે જેમાં જૈન સમાજ પહોંચ્યો ન હોય. આપણો ભવિષ્યકાળ ઉજ્જવળ જોવાની તમન્ના જાગે તો તે પણ એક મોટો સુધારો છે, જેને સ્વીકાર્યા સિવાય ઉંચે ચઢવું શક્ય નથી. શિક્ષણના આ ક્ષેત્રને સર્વવ્યાપી કરવાની બાબતમાં આપણો ખ્યાલ નીચે પ્રમાણે છેઃ—

(૧) પ્રત્યેક પ્રાન્તમાં જૈનોની જેટલી શિક્ષણસંસ્થાઓ છે તેનું એકીકરણ થાય. એકીકરણનો અર્થ એ છે કે પ્રાન્તિક જૈન સભાના આદેશ અનુસાર આ સર્વ સંસ્થાઓનું સંચાલન કરાય અને એ પ્રકારે જે પ્રાન્તિક શિક્ષણશાખાઓ એકત્રિત થશે તેનો સંબંધ મધ્યવર્તી શિક્ષણસંસ્થા સાથે રહે.

(૨) પ્રાન્તની જે યુનિવર્સિટી અહિંઆ છે, તે સર્વમાં જૈન ચેર હોય જેમ કે આજે બનારસમાં છે. સમસ્ત ભારતની પ્રત્યેક યુનિવર્સિટીમાં એવી સંસ્થાઓ હોય કે જે જૈન વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે મદદ કરે.

(૪) આ પ્રકારે પ્રાથમિક, મધ્યમ તથા ઉચ્ચ શિક્ષણસંસ્થાઓ એકત્ર થાય અને તેનું સંચાલન કેન્દ્રિય જૈન સભાના શિક્ષણ વિભાગ દ્વારા થાય.

(૫) જ્યાં જૈનોનો સમાજ ખૂબ મોટો છે એવા સમાજમાં જૈનોની સ્વતંત્ર કોલેજ અને આવશ્યક હોય તો સ્વતંત્ર જૈન યુનિવર્સિટી પણ સ્થપાય.

(૬) સમાજના શ્રીમંતો પાસેથી આ શિક્ષણક્ષેત્ર માટે મદદ લેવામાં આવે અને પ્રાન્ત પ્રાન્તના વિભાગમાં જે જૈન મંદિર યા ભંડાર છે તેમાંની મિલ્કતનો ઉપયોગ શિક્ષણ માટે કરવામાં આવે.

(૭) આપણી એક કેન્દ્રિય લાયબ્રેરી હોય જેમાં જૈનદર્શનનું સમગ્ર સાહિત્ય ઉપલબ્ધ હોય.

(૮) જૈન સમાજમાં કેટલીક પ્રકાશન સંસ્થાઓ છે તે સર્વનો સંબંધ મુખ્ય સંસ્થા સાથે રહેવો જોઇએ. કેન્દ્રિય સભાને એક સાહિત્ય સંશોધક વિભાગ હોય અને તેની તરફથી સ્થળે સ્થળે સંશોધનકાર્યનું નિયંત્રણ હોય.

ઉપર પ્રમાણે યા તો અન્ય પ્રકારે આપણે શિક્ષણક્ષેત્રમાં એકત્રિત થવું અતિ આવશ્યક છે. આ સર્વ માટે જે શક્તિઓની જરૂર છે તે બધી જૈન સમાજ પાસે છે. માત્ર એક વસ્તુની ખોટ છે કે જે સૌથી પ્રથમ આવશ્યક છે, અને તે ખોટ છે કાર્યનિષ્ટ ઉત્સાહી સેવકની. વ્યક્તિઓનું નિર્માણ કરવું પ્રથમ આવશ્યક છે અને તે તરફ આપણો પ્રયત્ન રહે તો ઉપર નિર્દિષ્ટ કરેલ સર્વ કાર્ય આસાનીથી થઇ શકે તેમ છે. સમાજની સમર્થ વ્યક્તિઓની કદર કરવી, તેમનામાં સંસ્કૃતિ, સેવાભાવનું નિર્માણ કરવું અને તેમને સંગઠિત કરવા—આ કાર્ય જો કે કઠિન છે તો પણ પ્રયત્ન કરતાં કશું અશક્ય નથી. આ બધું ત્યારે જ થઇ શકે કે જ્યારે આપણે આપણી શક્તિઓ તે તરફ ફેલાવીએ અને પોતાની જાતથી જ દરેક કામની શરૂઆત કરીએ.

જૈન સમાજની સામાજિક અને શૈક્ષણિક ઉન્નતિ બાબતમાં વિચાર કર્યા પછી હવે આપણે આપણા વિવિધ અંગોનો વિચાર કરવાનો રહે છે. આપણા અભ્યંતર પ્રશ્નોનું ધીરે ધીરે નિરાકારણ થતું જશે યા તો પરિસ્થિતિના દબાણથી તેમાં ઉત્ક્રાન્તિ થવાની, પરંતુ જે દેશના આપણે ઘટક છીએ, જે માનવતાનું અંગ છીએ તે દેશ અને માનવતા પ્રત્યે આપણું કાંઇક કર્તવ્ય છે જેનો અત્ર વિચાર કરવો જરૂરી છે. આજની દુનિયા હવાની જેમ શીઘ્રગતિ કરવાવાળી છે. દુનિયાના ઇતિહાસમાં જે મહાન આન્દોલન વિચાર અને આચરના ક્ષેત્રમાં થયા છે તે સર્વથી અધિક ક્રાન્તિકારી આન્દોલન આ યુગમાં થયા છે. આપણું જીવન, તેના વિવિધ પ્રશ્નો દ્રુતગતિથી પરિવર્તિત થયા છે. અને તેનો આપણે દરરોજ અનુભવ પણ કરીએ છીએ. આપણો દેશ સ્વતંત્ર થયો છે અને આજ એ સ્વતંત્ર દેશની સામે જે મહાન પ્રશ્ન છે તેનો ઉકેલ કરવાની જવાબદારી જૈન સમાજ પર પણ છે. હંમેશા તટસ્થ રહેવું, 'અમારા બાળબચ્ચા અને અમે' એવી વૃત્તિ રાખી સ્વાર્થી બનવું, યા "અમારાં મંદિર અને અમે' એ જાતની સંકુચિતતા પોતાના મનમાં રાખવી એ બધું ધોખાબાજીનો ખેલ છે. એમાં આપણે ટકી, શકવાના નથી. તો પછી ઉજ્જવળ ભવિષ્યની આશા તો કેમ રખાય?

કહેવાય છે કે જૈન સમાજ શ્રીમંત છે અને એ સાચી જ વાત છે. આપણા સમાજના અગ્રગણ્ય ગણાતા સર્વે લોકો મિલમાલલિક છે યા તો પદવી અને સન્માનથી પ્રતિષ્ઠિત છે. તે લોકોની સ્થિતિ દેશી રાજાઓ કરતાં ઓછી ખરાબ નથી. અમારી સંસ્થાઓ જુઓ! એ લોકો જ તેના નિયંત્રક છે. જમીનદાર વર્ગ, ધનિક વર્ગ મિલમાલિક વર્ગ બધા જૈન છે. દુનિય સમજવા ઇચ્છે છે કે નિગ્રંથ સમ્પ્રદાયના આ ઉપાસકો, પરિગ્રહ પરિમાણવાદના આ પુરસ્કર્તાઓ, અહિંસા ધર્મના પ્રચારકો—આ લોકો પાસે આટલા પૈસા અને શ્રીમન્તાઇ આવી ક્યાંથી? એ લોકોને આટલી બધી પૂંજીની જરૂર શું છે? મનુષ્યનું લોહી ચુસનારો આ વર્ગ પોતાને અહિંસા ધર્મનો અનુયાયી કહેવડાવે છે? મનુષ્યોને રીબાવી રીબાવી મેળવેલ ધનમાંથી થોડો પૈસો દાન કરીને તેઓ કીર્તિ સંપાદન કરે છે!

પરંતુ આજની દુનિયા આવા પૂંજીવાદીઓની નફરત કરે છે, તેઓની દાનવૃત્તિને દંભ સમજે છે. ભલેને આજ સામ્યવાદનો પ્રશ્ન અમારે ગળે ન વળગ્યો હોય, પરંતુ તેનો પડછાયો અમારા જીવન ઉપર તો પડ્યો જ છે. સામ્યવાદનો જયનાદ સર્વત્ર ગાજી રહ્યો છે, જે આજ નહિ તો કાલ પૂંજીવાદીઓ કે જેની પ્રતિષ્ઠા માત્ર લક્ષ્મીની પૂજામાં સમાયેલી છે તેનો સદંતર નાશ કરી નાખશે.

આવે સમયે આપણી શું ફરજ છે? શું આપણે તેનો વિરોધ કરવાનો છે? અથવા જે પરિસ્થિતિ આવશે તેની શરણાગતિ સ્વીકારની છે? અથવા તો એ મહાન તત્ત્વને અપનાવી તેના કર્ણધાર બનવું છે? એ વિચારવું ભૂલ ભરેલું છે કે જે અવસ્થામાં આજ આપણે સુરક્ષિત છીએ તે જ અવસ્થામાં કાયમ રહેશું. બીજા યત્ન કરે અને અમે

(અનુસંધાન પૃષ્ઠ ૨૨૬ જુઓ)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

(પૃષ્ટ ૨૩૨ થી ચાલુ)

એ મેળવેલી પરિસ્થિતિને અપનાવશું એમ કહેવું એમાં પુરૂશાર્થની ન્યૂનતા છે.

તો પછી હવે આપણે શું કરવું? ભ. મહાવીરના અનુયાયી કહેવડાવવામાં આપણે ગૌરવ લઇએ છીએ, અને સાચા અર્થમાં આપણે અહિંસાવાદી છીએ તો સામ્યવાદના તત્ત્વને અપનાવી લેવું એ આપણું પ્રથમ કર્તવ્ય બને છે. જો તે આપણાથી બને તેમ નથી, તેનો વિરોધ કરીએ છીએ અને તે પણ ધર્મ અને નીતિનું કારણ બતાવીને તો પછી આપણે સમજી લઇએ કે આપણું જૈનત્વ, અને અહિંસાવ્રત એ સર્વ દંભ છે, સ્વાર્થ છે અને ભ. મહાવીરના નામ પછવાડે સ્વાર્થ છુપાવવાનો કેવળ પ્રયત્ન છે.

માત્ર આ વાદની બાબતમાં જ નહિ, દેશના પ્રત્યેક આન્દોલનોમાં અને પ્રશ્નોમાં આપણે પુરોગામી રહેવું જોઇએ, હરિજન મંદિર પ્રવેશ હોય કે હિન્દુ મુસલમાનનો પ્રશ્ન હોય, જેમાં આપણો આચાર તત્ત્વજ્ઞાનથી વિભિન્ન ન હોય, એવા સઘળા કાર્યક્ષેત્રોમાં આપણે સમરસ થવું જોઇએ. આચાર અને વિચાર એક ન રહી શકે, એ હું માનું છું. આમ છતાં પણ આટલો તો મારો આગ્રહ છે કે આચાર અને વિચારમાં ભલે અન્તર રહે, પરંતુ વિરોધ ન રહે. હરિજનોના મંદિરપ્રવેશની બાબતમાં જૈન સમાજની એવી ધારણા છે કે જૈનોના મંદિરમાં હરિજનોનો પ્રવેશ યુકિતયુકત નથી. હરિજન જૈન બનીને આવે તો તે લોકોને કાંઇ વાંધો નથી. આ પણ ના કહેવાની એક જુદી જ રીત છે. મંદિર જેવા પવિત્ર સ્થળમાં, પુણ્યક્ષેત્રમાં મનુષ્યમનુષ્ય ને જાતિવાર વિભકત કરવા એ કઇ જાતની અહિંસા છે? આપણે આપણી સર્વ સંસ્થાઓ સમગ્ર સમાજ માટે ખુલ્લી મૂકી દેવી જોઇએ. સૌનો સત્કાર અને હૃદયથી સન્માન કરવાની વિશાળતા આપણામાં હોવી જોઇએ. જે વિરોધ છે તે તત્ત્વભેદથી નથી, પરંતુ ઉચ્ચનીચની કલ્પનાથી છે.

અહિંઆ આક્ષેપકો તરફથી એક દલીલ એવી કરવામાં આવે છે કે આપણે આપણું જીવન બીજા જેવું બનાવીએ તો આપણા સમાજનું વિશેષ વૈશિષ્ટ્ય શું રહે? આપણા સાધુઓને ગૃહસ્થ બનાવવા પ્રયત્ન થઇ રહ્યો છે, આપણાં મંદિરમાં અજૈનને પણ જોડવામાં આવે છે, આપણા કર્મકાંડને મિથ્યા સમજવામાં આવે છે. હવે કહો કે 'અમે જૈન છીએ' એમ કહેવડાવવા માટે આપણી પાસે આપણું પોતાનું કહેવાય એવું શું રહ્યું? આપણે રાષ્ટ્રજીવનમાં અલ્પ છીએ, લઘુમતી છીએ, તો પણ આપણે આપણા માટે સ્વતંત્ર વ્યવસ્થા માગવામાં સ્વતંત્ર નથી. જો એવો પ્રયત્ન કરવામાં આવે તો કોમીમાવનો આરોપ મૂકાય છે. આમ રહેવાથી આપણો સમાજ "જૈન" કેવી રીતે રહેશે?

આ પ્રશ્ન હૃદયથી પૂછવામાં આવે છે તો તેનો ઉત્તર એ છે કે આજ આપણને જે વાતો "જૈનત્વ"ની વિશેષતા બતાવવાવાળી લાગે છે તે પોતે જ ઘાતક છે. ખરૂં "જૈનત્વ" તો નિત્યજીવનમાં અહિંસા ધર્મનું પાલન કરવું એમાં છે. આપણે આપણી બાહ્યસંસ્થાઓ ભલે વ્યવસ્થિત રાખીએ અને હજાર વાર આપણે પોતાની જાતને જૈન કહેવડાવીએ, તો પણ જ્યાં સુધી જીવનમાં એ તત્ત્વ લાવીએ નહિ ત્યાં સુધી આપણે જૈન નથી. ક્યારે એવો સમય આવશે કે જ્યારે આપણા સમાજમાં મહાત્મા ગાંધી જેવા મહાન શાન્તિદૂત દુનિયાના દુઃખે દુઃખી થઇને પોતાની જાત સેવામાં અર્પણ કરી દેશે, એક મહાન 'લેનિન' જૈન સમાજનાં જૈન તત્ત્વોમાંથી પ્રેરણા લઇને સામ્યવાદની સ્થાપના 'અહિંસા'થી કરશે, એક મહાન 'લિંકન' જૈન સમાજમાંથી ઉઠશે અને ગુલામીના વર્ણભેદનો નાશ કરશે, એક મહાન 'રવીન્દ્ર' જૈન તત્વોને હૃદયમાં ભરીને મહાન અમૃતધારા વહેવડાવશે, એક મહાન 'હેમચન્દ્ર' કે જે ફરીથી ઉચ્ચારશેઃ—

**"जैनेन्द्र धर्मचक्रं प्रभवतु सततं सर्वसौख्यप्रदायी।**

મૂળ હિંદીઃ **પદ્મનાભ જૈન**

(સમાપ્ત) અનુવાદક : **વેણીબહેન કાપડીઆ.**